**BBI**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name of The Post** | **Senior Superintendent (Administrative Branch),Class-2** |
| **Advertisement No** | **123/2020-21** |
| **Preliminary Test Held On** | **03-10-2021** |
| **Que. No.** | **001-300** |
| **Publish Date** | **05-10-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **13-10-2021** |

# Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. પૃથ્વીની જમીન પૈકી કેટલી જમીન પર ભારત દેશ આવેલ છે ?

(A) 2.4% (B) 3.4%

(C) 4.4% (D) 5.4%

002. સેટેલાઈટ ડેટાની વીગતો મુજબ, ભારતમાં જંગલનો વિસ્તાર

(A) વધી રહેલ છે.

(B) ઘટી રહેલ છે.

(C) કોઈ વધ ઘટ નથી.

(D) ખુલ્લા જંગલો વધી રહ્યા છે પરંતુ આરક્ષીત જંગલ વિસ્તાર ઘટી રહેલ છે.

003. ધી રેડક્લીફ લાઈન (The Radcliffe line) એ ક્યા દેશો વચ્ચેની સીમા રેખા છે ?

(A) ભારત અને ચીન (B) ભારત અને મ્યાનમાર

(C) ભારત અને પાકીસ્તાન (D) ભારત અને અફઘાનીસ્તાન

004. 2011 ના સેન્સસ મુજબ સૌથી વધુ વસ્તી ધરાવતા ત્રણ રાજ્યો ક્યાં છે ?

(A) ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત (B) ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર

(C) મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત (D) મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ

005. ભારતની સને '2019-20' નાં વર્ષની

1. પર કેપીટા નેટ નેશનલ ઈન્કમ - (per capita net national income) રૂા 1,35,050 છે

2. ભારતમાં સૌથી વધારે NSDP per capita ગોવા રાજ્યની છે.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) 1 વાક્ય યોગ્ય છે (B) 2 વાક્ય યોગ્ય છે

(C) 1 અને 2 વાક્યો યોગ્ય છે (D) 1 અને 2 વાક્યો યોગ્ય નથી

006. દેશની સેંચુરી (Sanctuary) અને આરક્ષીત જંગલો અને રાજ્યની જોડી ઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) જીમ કોર્બેટ નેશનલ પાર્ક - ઉત્તરાખંડ

(B) નાનમંગલમ (Nanmangalam) રીઝર્વ ફોરેસ્ટ - તામીલનાડુ

(C) અમરામ બાલમ (Amaram balam) રીઝર્વ ફોરેસ્ટ - કર્નાટક

(D) કુકરેલ (Kukrail) રીઝર્વ ફોરેસ્ટ - ઉત્તર પ્રદેશ.

007. આદિજાતિના મેળાઓ-ઉત્સવો અને જીલ્લાની જોડી પૈકી કઈ જોડીઓ યોગ્ય છે.

1. ભાગું રિયા - વડોદરા

2. ગોળ ગધેડાનો મેળો - દાહોદ

3. ચિત્ર - વિચિત્ર મેળો - બનાસકાંઠા

4. નાગ ધરાનો મેળો - જુનાગઢ

(A) 1 અને 3 (B) 1 અને 2

(C) 1 અને 4 (D) 2 અને 3

008. 1. ગુજરાત રાજ્યમાં 14 આદિવાસી જીલ્લાઓ આવેલ છે.

2. ગુજરાતમાં 15 અનુસૂચિત જનજાતિઓ અને 7 આદિમ જુથો છે.

ઉપરના વાક્યો ચકાસો.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે

(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે

(C) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય છે

(D) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય નથી

009. ભારતના નૃત્યો અને તેના પ્રદેશોને જોડો.

1. સનથાલી નૃત્ય — a. મધ્યપ્રદેશ

2. બીહુ નૃત્ય — b. પશ્ચિમ બંગાળ

3. ઘુમર નૃત્ય — c. આસામ

4. આહીરી નૃત્ય — d. રાજસ્થાન

(A) 1 - d, 2 - a, 3 - b, 4 - c

(B) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

010. 1. ઈન્નોર (Ennore) બંદર તામીલનાડુ ખાતે આવેલ છે. તે કોર્પોરેટ ક્ષેત્રનું પ્રથમ બંદર છે ત્યાંથી ચા, કોફી અને મસાલાની નીકાસ થાય છે.

2. મેંગલોર બંદર કર્નાટકમાં આવેલ છે અને બારેમાસ, ઉંડું પાણી હોય તેવું બંદર છે તે કર્નાટકનું એક માત્ર મેજર પોર્ટ છે જયાંથી આર્યન ઓર (Iron ore)ની નીકાસ થાય છે

(A) 1 વાક્ય યોગ્ય છે

(B) 2 વાક્ય યોગ્ય છે

(C) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય છે

(D) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય નથી.

011. થીલ્લના (Thillana) એ ક્યા નૃત્યનો એક ભાગ છે ?

(A) કુચીપુડી (Kuchipudi)

(B) ઓડીસી (Odissi)

(C) ભરતનાટ્યમ (Bharatanatyam)

(D) કથ્થક (Kathak)

012. ભારતના રાજ્યો અને તેની રાજધાનીને યોગ્ય રીતે જોડો.

1. અરૂણાચલ પ્રદેશ — a. ઇટાનગર

2. છત્તીસગઢ — b. રાયપુર

3. ઝારખંડ — c. રાંચી

4. નાગાલેન્ડ — d. કોહીમાં

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

013. કેન્દ્ર શાસિત પ્રદેશો અને તેની રાજધાનીઓની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) અંદામાન નિકોબાર - પોર્ટ બ્લેયર

(B) દાદરા તથા નગર હવેલી અને દમણ અને દીવ - દમણ

(C) લક્ષદ્વીપ -કરાવતી

(D) પુડુચેરી - ચેન્નાઈ

014. નેશનલ મ્યુઝીયમ - દીલ્હી દ્વારા લાઈફ ઈન મીનીએચર (Life in Miniature) પ્રોજેક્ટ કઈ કંપની સાથે શરૂ કરેલ છે ?

(A) માયક્રોસોફ્ટ

(B) ગુગલ

(C) ફેસબુક

(D) એમેઝોન

015. ચાર-ચાપોરી (Char - Chapori) કે જે હાલમાં સમાચારમાં હતા તે ક્યા રાજ્યમાં આવેલ છે ?

(A) નાગાલેન્ડ

(B) અરૂણાચલ પ્રદેશ

(C) છત્તીસગઢ

(D) આસામ

016. ‘‘સારે જહાસે અચ્છા’’ ગીતના રચનાકાર કોણ છે ?

(A) જયદેવ

(B) મહમદ ઈકબાલ

(C) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય

(D) રવીન્દ્રનાથ ટાગોર

017. ભારતમાં અગ્રેજી લેખકો અને તેઓની કૃતિની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી

(A) અનીતા દેસાઈ - The Village by The Sea, The Peacock Garden

(B) મુલ્ક રાજઆનંદ - The Dark Room (1938), Mr. Sampath (1945)

(C) વિક્રમ શેઠ - An Equal Music, A Suitable Girl

(D) ખુશવંત સીંગ - A Train to Pakistan in 1956, The Sunset Club

018. હીન્દી ભાષામાં લેખકો અને તેઓની કૃતિ ને યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. હરીવંશરાય બચ્ચન | a. ગીતીકા, પ્રભાવતી |
| 2. રામધારી સીંધ દીનકર | b. મધુશાલા |
| 3. અમર ગોસ્વામી | c. ઉવર્શી, નીલ કુસુમ |
| 4. સુર્યકાંત ત્રિપાઠી | d. ગુહારા, દુલ્હન |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b

(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a

(C) 1 - d, 2 - a, 3 - b, 4 - c

(D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

019. મધ્યપ્રદેશમાં આવેલ બાઘ (Bagh) ગામ ક્યા કારણસર પ્રખ્યાત છે ?

(A) શિલ્પો (Sculptures)

(B) સ્થાપત્ય (Architecture)

(C) ગુફા પેઈન્ટિંગ (Cave painting)

(D) ધોધ (Waterfall)

020. ગુજરાતના સરોવરો - અને સ્થળ/જીલ્લાની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) નળ સરોવર - અમદાવાદ જીલ્લો

(B) હમીરસર તળાવ - કચ્છ

(C) ગોમતી તળાવ - વડોદરા

(D) નારાયણ સરોવર - અમરેલી

021. ‘‘ત્યાંતો આવી પહોચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં
કૃષિક એ ઊઠી ત્યારે આવો બાપું કહી ઉભો’’
આ કાવ્ય પંક્તિનો છંદ કયો છે ?

(A) વંસતતિલકા
(B) શાર્દુલવિક્રીડિત
(C) અનુષ્ટુપ
(D) મંદાક્રાન્તા

022. લેખકો અને તેઓના ઉપનામની જોડીઓ પૈકી કઈ જોડીઓ યોગ્ય છે.

1. મણિશંકર રત્નજી ભટ્ટ - કાંન્ત
2. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર - સેહની
3. ઉમાશંકર જેઠાલાલ જોષી - વાસુકી
4. ચિનુભાઈ ચંદુલાલ મોદી - શેષ

(A) 1, 2 અને 4
(B) 1, 2 અને 3
(C) 2, 3 અને 4
(D) 1, 3 અને 4

023. ‘‘અન્નપુર્ણા રસોઈ યોજના’’ જેમા સમાજના નબળા વર્ગના લોકોને ગુણવત્તા સભર ભોજન આપવામાં આવે છે તે ક્યા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવેલ છે ?

(A) ઉત્તરપ્રદેશ
(B) ગુજરાત
(C) રાજસ્થાન
(D) મધ્યપ્રદેશ

024. સ્કુલ-શાળા અથવા વેદોની અલગ અલગ શાખાઓ જે જગ્યાએ ભણાવવામાં આવતી હતી તે સ્થળ પ્રાચીન ભારતમાં ક્યા નામથી જાણીતા હતા ?

(A) શખા (Shakha)
(B) ચમા (Chama)
(C) રથા (Ratha)
(D) યાજના (Yajna)

025. નીચેના પૈકી ક્યો વેદ સૌથી જુનો વેદ છે ?

(A) સામવેદ (Samveda)
(B) યજુર્વેદ (Yajurveda)
(C) રીગવેદ (Rigveda)
(D) અર્થવવેદ (Atharvaveda)

026. પાલા રાજાના (Pala Kings) વંશજો પૈકી વિક્રમશીલા યુનિવર્સિટીની સ્થાપના કોણે કરેલ હતી ?

(A) ગોપાલા (Gopala)
(B) ધર્મપાલ (Dharmapala)
(C) દેવપાલ (Devapala)
(D) દેવપાલ - બીજો (Devapala 2)

027. નીચેના ધર્મ ગુરૂઓ પૈકી શીવાજી મહારાજના વિચારો ઉપર ગહેરી / ઉંડી અસર કોણે કરેલ છે ?
(A) સંત તુકારામ
(B) ગુરૂ નાનકદેવ
(C) મીરાબાઈ
(D) ગુરૂ રામદાસ

028. શીવાજી મહારાજના સમયમાં રાષ્ટ્રના વહીવટ માટે કેટલા પ્રધાનો હતા ?
(A) 6 મંત્રીઓ / પ્રધાનો
(B) 8 મંત્રીઓ / પ્રધાનો
(C) 12 મંત્રીઓ / પ્રધાનો
(D) 20 મંત્રીઓ / પ્રધાનો

029. અંગ્રેજો દ્વારા પૂર્વ કિનારા ઉપર પોતાનું વ્યાપાર કેન્દ્ર કઈ જગ્યાએ શરૂ કરેલ હતુ ?
(A) મદ્રાસ
(B) પુલીકટ
(C) મસલીપટ્ટનમ (પેટાપુલ્લી)
(D) વિઝાગ

030. ખેડા સત્યાગ્રહ ક્યા કારણસર કરવામાં આવેલ હતો ?
(A) મિલ કામદારો, ખેતરમાં કામ કરતા મજૂરોના વેતન માટે
(B) અતિવૃષ્ટિને કારણે મહેસુલ મુલત્વી રાખવા માટે
(C) ખેડુત આગેવાનોની ધરપકડના વીરોધમાં
(D) ઉદ્યોગોમાં અંગ્રેજોની ઈજારાશાહી દૂર કરવાં

031. ગુજરાતના પ્રાચીન ઈતિહાસનું સંશોધન કરનાર વિદ્વાનોમાં નીચેના પૈકી કોનું નામ વિશેષ જાણીતું છે ?
(A) ડૉ. આર એન મહેતા
(B) ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી
(C) ડૉ. હસમુખ અઢીયા
(D) ડૉ. હસમુખ સાંકળિયા

032. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિના જનક કોણ હતા ?
(A) શ્રી અરવીંદ ઘોષ
(B) શ્રી બારીન્દ્ર ઘોષ
(C) શ્રી સાકરીયા સ્વામી
(D) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

033. ધી ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડીયા કંપની દ્વારા તેઓની પ્રથમ ફેક્ટરી ક્યા સ્થળે સ્થાપવામાં આવેલ હતી ?
(A) સુરત
(B) મસલીપટ્ટનમ
(C) ભરૂચ
(D) મદ્રાસ

034. જમીન મહેસુલની વસુલાત ઉપર જરૂરી ધ્યાન રાખવા વૉરન હેસ્ટીંગે ''બોર્ડ ઓફ રેવેન્યુ''ની રચના ક્યા સ્થળે કરેલ હતી ?
(A) મુર્શીદાબાદ
(B) ભાગલપુર
(C) કોલકતા
(D) લખનઉ

035. ભારતની પ્રથમ ફાર્માસ્યુટીકલ કંપની બંગાળ કેમીકલ અને ફાર્માસ્યુટીકલ કંપનીના સ્થાપક કોણ હતા ?
(A) શ્રી પ્રફુલચંન્દ્ર રૉય
(B) શ્રી હોમી જે ભાભા
(C) શ્રી સત્યેન્દ્રનાથ બોઝ
(D) શ્રી હરીગોવિંદ ખુરાના

036. 1946 નો ઈન્ડીયન નેશનલ આર્મી (INA) નો મુકદમામાં બચાવ પક્ષે નીચેના પૈકી ક્યા મહાનુભાવ વકીલ તરીકે ન હતા ?
(A) શ્રી બલ્લુભાઈ દેસાઈ
(B) શ્રી પંડીત જવાહરલાલ નહેરૂ
(C) મહાત્મા ગાંધી
(D) કૈલાશનાથ કાત્જુ

037. 1. સને 1951-1956 દરમ્યાન પ્રથમ પંચવર્ષીય યોજના શરૂ કરવામાં આવેલ, ખેતી વિકાસ તે યોજનાનો મુખ્ય હેતુ હતો.

2. સને 1956-61 દરમ્યાન બીજી પંચવર્ષીય યોજના પી.સી. મહાલનોબીસ મોડેલ ઉપર આધારીત હતી, ઔદ્યોગીકરણ યોજનાનો મુખ્ય હેતુ હતો.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) 1 વાક્ય યોગ્ય છે
(B) 2 વાક્ય યોગ્ય છે
(C) 1 અને 2 વાક્યો યોગ્ય છે
(D) 1 અને 2 વાક્યો યોગ્ય નથી

038. આતંરાષ્ટ્રીય વેપારમાં "BPD" એકમ કઈ વસ્તુ સાથે સબંધ ધરાવે છે ?

(A) લાઈવ સ્ટૉક અને મટન (Meat and Livestock)
(B) કિંમતી ધાતુઓ (Precious Metals)
(C) ઔદ્યોગીક વસ્તુઓ (Industrial Products)
(D) ક્રુડ ઓઈલ (Crude Oil)

039. દેશમાં નાણાની પ્રવાહીતા (Liquidity in the system) ઘટાડવા માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) રેપો રેટ (Repo rate)
(B) કેશ રીઝર્વ રેશીયો (Cash Reserve Ratio)
(C) પ્રાઈમ લેન્ડીગ રેટ (Prime Lending Rate)
(D) BPLR (Benchmark Prime Lending Rate)

040. હવાલા વ્યવહારો (Hawala Transactions) ક્યા કાયદાને કારણે પ્રતિબંધીત છે ?

(A) FERA
(B) FEMA
(C) FRBMA
(D) AFSPA

041. ભારતમાંથી મધ (Honey) ની સૌથી વધારે આયાત કરનાર ક્યો દેશ છે ?

(A) અમેરીકા
(B) જર્મની
(C) ચીન
(D) ઈટલી

042. દેશમાં અસમાનતા દુર કરવા રીડીસ્ટ્રીબ્યુશન પોલીસી (Redistribution Policy) અમલમાં મુકવામાં આવે છે. આ પોલીસીમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) પ્રોગ્રેસીવ ટેક્સ પોલીસી
(B) જમીન સુધારણા
(C) ગ્રામ વિકાસની યોજનાઓ
(D) ઉપરોક્ત બધીજ યોજના

043. સામાન્ય સંજોગોમાં ટુંકી મુદતનું ધિરાણ કેટલા સમય સુધીનું હોય છે ?

(A) 3 માસ
(B) 6 માસ
(C) 12 માસ
(D) 24 માસ

044. બેન્કોની રોકડની તરલતા (Cash in Hand) અને કુલ મિલકતો, ચોક્કસ રેશીયો માં રાખવામાં આવે છે આ રેશીયોને શું કહેવાય છે ?

(A) SBR (Statutory Bank Ratio)

(B) SLR (Statutory Liquid Ratio)

(C) CBR (Central Bank Ratio)

(D) CLR (Current Liquid Ratio)

045. ચલણના અવમૂલ્યનને કારણે, આખરે બજારમાં વસ્તુઓનો મુલ્યોમાં

(A) ઘટાડો થશે

(B) વધારો થશે

(C) ખુબજ મોટા પ્રમાણમાં વધારો / ઘટાડો થશે

(D) કોઈ અસર નહી થાય

046. 1. ‘‘આમુખ એ બંધારણનો ભાગ છે’’ એ બાબત કેશવાનંદ ભારતી કેસમાં, 13 માન. ન્યાયધીશો ની બેંચ દ્વારા આ બાબત નક્કી થયેલ હતી.

2. ભારતના બંધારણના આમુખમાં ભારતને સાર્વભૌમ સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકશાહી દેશ બનાવવા માટે સંકલ્પ કરેલ છે.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે

(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે

(C) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય છે

(D) 1 અને 2 બંન્ને વાક્યો યોગ્ય નથી

047. 1. મુળભૂત હક્કો જે ભાગ 3 માં દર્શાવેલ છે તે હક્કો લઈ લેતો અથવા ઓછા કરતો કાયદો રાજ્યો કરી શક્શે નહીં

2. જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા આપવામાં આવેલી છે.

3. અમુક દાખલામાં ઘરપકડ અને અટકાયત સામેના રક્ષણ માટે બંધારણમાં રક્ષણ આપવામાં આવેલ છે

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) 1, 2 અને 3 યોગ્ય છે

(B) 1 અને 2 યોગ્ય છે

(C) 2 અને 3 યોગ્ય છે

(D) 1 અને 3 યોગ્ય છે

048. 1. મૂળભુત ફરજો ભાગ - 4 ‘‘ક’’ ની કલમ 51 ‘‘ક’’ હેઠળ દર્શાવેલ છે

2. મૂળભુત ફરજોમાં સંવિધાનનો 42મા સુધારો અને 46મા સુધારાથી બાબતો ઉમેરવામાં આવેલી છે.

3. મૂળભુત ફરજો એ નૈતિક ફરજોનો ભાગ છે

4. ‘‘મૂળભુત ફરજો’’ નો ખ્યાલ અમેરીકાના બંધારણમાંથી લેવામાં આવેલ છે.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) 1, 2 અને 4 વાક્યો યોગ્ય છે

(B) 1, 3 અને 4 વાક્યો યોગ્ય છે

(C) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે

(D) 1, 2, 3 અને 4 વાક્યો યોગ્ય છે

049. 1. રાજ્યસભામાં સભ્યપદની લાયકત માટે લઘુત્તમ ઉંમર 35 વર્ષની હોવી જરૂરી છે.

2. લોકસભામાં સભ્ય પદની લાયકાત માટે લઘુત્તમ ઉંમર 30 વર્ષની જરૂરી છે.

3. સંસદના સભ્યપદ માટેની લાયકાત ભારતના બંધારણની કલમ 44 માં દર્શાવેલ છે.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) 1 અને 3 યોગ્ય છે
(B) 2 અને 3 યોગ્ય છે
(C) 1 અને 2 યોગ્ય છે
(D) 1, 2 અને 3 યોગ્ય નથી

050. નીચેના વાક્યો ચકાસો.

1. દરેક મંત્રીને તથા ભારતના એટર્ની જનરલને બે માંથી કોઈ ગૃહમાં અને સંયુક્ત બેઠક હોય તો તેમાં હાજર રહેવાનો હક્ક છે.

2. ભારતમાં એટર્ની જનરલને, તે જે સમિતિમાં સભ્ય હોય તેમાં ભાગ લેવાનો અધિકાર છે પરંતુ મત આપવાનો હક્ક રહેતો નથી.

3. ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, હોદ્દાની રૂએ લોકસભાના અધ્યક્ષ હોય છે.

(A) 1, 2 અને 3 વાક્યો યોગ્ય છે
(B) 2 અને 3 વાક્યો યોગ્ય છે
(C) 1 અને 3 વાક્યો યોગ્ય છે
(D) 1 અને 2 વાક્યો યોગ્ય છે

051. નીચેના વાક્યો ચકાસો :

1. સભ્યપદ માટેની ગેરલાયકાતની બાબતો અંગેના પ્રશ્નો ઉપર નિર્ણય લેવાની સત્તા માન. રાષ્ટ્રપતિની છે.

2. નાણા વિધેયકો અંગેની અનુચ્છેદ 109 થી 117 ની જોગવાઈઓને આધીન રહીને સંસદના કોઈપણ ગૃહમાં વિધેયક લાવી શકાય છે.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.

052. “સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે વટહુકમો પ્રસિદ્ધ કરવાની સત્તા માન. રાષ્ટ્રપતિને છે.” – આ જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 121
(B) 122
(C) 123
(D) 124

053. 1. “રાજ્યપાલ તરીકે નિમણૂંકની શરતો અંગેની જોગવાઈ” ભારતના બંધારણની કલમ 158માં દર્શાવેલ છે.

2. ‘રાજ્યપાલના હોદ્દાની શરતો’, ભારતના બંધારણની કલમ 159માં દર્શાવેલ છે.

ઉપરોક્ત વાક્યો ચકાસો.

(A) માત્ર 1 વાક્ય યોગ્ય છે.
(B) માત્ર 2 વાક્ય યોગ્ય છે.
(C) 1 અને 2 બંને વાક્યો યોગ્ય છે.
(D) 1 અને 2 બંને વાક્યો યોગ્ય નથી.

054. 1. બંધારણની કલમ 129 મુજબ, ઉચ્ચતમ ન્યાયાલય રેકોર્ડ ન્યાયાલય રહેશે.

2. ફોજદારી બાબતો સંબંધી ઉચ્ચતમ ન્યાયાલયની અપીલીય હકૂમત અંગેની જોગવાઈ ભારતના બંધારણની કલમ 134માં દર્શાવેલ છે.

3. ઉચ્ચતમ ન્યાયાલયને રિટ કાઢવાની સત્તા ભારતના બંધારણની કલમ 139માં દર્શાવેલ છે.

ઉપરોક્ત બાબતો ચકાસો:

(A) 1 અને 2 યોગ્ય છે. | (B) 2 અને 3 યોગ્ય છે.

(C) 1, 2 અને 3 યોગ્ય છે. | (D) 1 અને 3 યોગ્ય છે.

055. નીચેના પૈકી કયું વાક્ય યોગ્ય નથી ?

(A) રાજ્યપાલશ્રીની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

(B) સામાન્ય રીતે રાજ્યપાલશ્રીના હોદ્દાની મુદત 6 વર્ષ રહે છે.

(C) ભારતના બંધારણની કલમ 159 મુજબ, ઉચ્ચન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ રાજ્યપાલશ્રીને પ્રતિજ્ઞા લેવડાવે છે.

(D) ''રાજ્યપાલશ્રીને મદદ કરવા, સલાહ આપવા મંત્રી મંડળ રહેશે'' આ જોગવાઈ બંધારણની કલમ 163માં કરવામાં આવેલ છે.

056. 1. ભારતના બંધારણની કલમ 243 ખ (243-B) મુજબ પંચાયતોની રચના કરવામાં આવે છે.

2. ભારતના બંધારણના તોતેરમાં સુધારાને કારણે, આ જોગવાઈઓ બંધારણમાં દાખલ કરવામાં આવેલ છે.

3. આ જોગવાઈઓ તા. 24-4-1996થી અમલમાં આવેલ છે.

(A) 1 અને 3 યોગ્ય છે. | (B) 1 અને 2 યોગ્ય છે.

(C) 2 અને 3 યોગ્ય છે. | (D) 1, 2 અને 3 યોગ્ય છે.

057. 17 SDGs (Sustainable Development Goals) ની સિદ્ધિમાં સને 2020ના નીતિ આયોગ મુજબ પ્રથમ અને બીજા સ્થાને કયા રાજ્યો છે ?

(A) કેરળા અને હિમાચલ પ્રદેશ | (B) કેરળા અને તામિલનાડુ

(C) હિમાચલ પ્રદેશ અને ગોવા | (D) તામિલનાડુ અને ગોવા

058. North Eastern Region District SDG Index કોના દ્વારા જાહેર કરવામાં આવેલ છે ?

(A) રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડીયા | (B) નાબાર્ડ

(C) નીતિ આયોગ | (D) નાણા મંત્રાલય

059. યોગ્ય જોડકા જોડો.

| વિગત | ભારતના બંધારણની કલમ |
|---|---|
| 1. સંઘ અને રાજ્યોના લોકસેવા આયોગ | a. 320 |
| 2. લોક સેવા આયોગના કાર્યો | b. 323 |
| 3. સભ્યોની નિમણૂંક-મુદત | c. 315 |
| 4. લોક સેવા આયોગના રીપોર્ટ | d. 316 |

(A) 1 - a, 2 - d, 3 - b, 4 - c | (B) 1 - c, 2 - a, 3 - d, 4 - b

(C) 1 - d, 2 - b, 3 - c, 4 - a | (D) 1 - b, 2 - c, 3 - a, 4 - d

060. ...?...ની જગ્યા પુરો.

(A) 7
(B) 8
(C) 9
(D) 10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 7 | 2 | 3 | 11 | 5 | 5 | 8 | 1 |
| 9 | 4 | 6 | 2 | 6 | 6 | 4 | ? |

061. ...?...ની જગ્યા પુરો.




(A) 12
(B) 14
(C) 16
(D) 18

062. ...?...ની જગ્યા પુરો.




(A) M
(B) N
(C) O
(D) P

063. 9, 16, 23, 30, 39, 44, 51, ....., ....., ..... ખાલી જગ્યા પુરો.

(A) 58, 65, 72
(B) 59, 66, 73
(C) 56, 66, 76
(D) 54, 61, 69

064. 78 કિમી/કલાકની ઝડપે જતી ટ્રેનની લંબાઈ 800 મીટર છે અને તે એક ટનલ 1 મીનીટમાં પસાર કરે છે તે ટનલની લંબાઈ કેટલી હશે ?

(A) 400 મીટર
(B) 500 મીટર
(C) 600 મીટર
(D) 700 મીટર

065. એક વેપારીને ખરીદ કિંમત ઉપર $22\frac{1}{2}$ % નફો મેળવવો છે. જો તેને વેચાણ રૂા. 39200 હોય તો તેને કેટલો નફો મળેલ હશે ?

(A) રૂા. 5,600
(B) રૂા. 6,400
(C) રૂા. 7,200
(D) રૂા. 8,000

066. એક ચુંટણીમાં ત્રણ ઉમેદવારોને અનુક્રમે 1136, 7636 અને 11,628 મત મળ્યાં, આ સંજોગોમાં જીતેલા ઉમેદવારને કેટલા ટકા (%) મત મળેલ હશે ?

(A) 57%
(B) 54%
(C) 47%
(D) 67%

067. A, B અને C નુ સરેરાશ વજન 45 કીલો છે. A અને B નુ સરેરાશ વજન 40 કીલો છે અને B અને C નુ વજન સરેરાશ વજન 43 કીલો છે. આ સંજોગોમાં B નું વજન કેટલું હશે ?

(A) 38 કીલો
(B) 34 કીલો
(C) 31 કીલો
(D) 27 કીલો

068. 66 ઘન સેન્ટીમીટર ચાંદીમાંથી 1 મીલી મીટર વ્યાસ ધરાવતો કેટલા મીટર લાંબો તાર બનાવી શકાય ?

(A) 84000
(B) 8400
(C) 840
(D) 84

069. 2 સાડી અને 4 શર્ટની કિંમત રૂા. 1600 છે તેમજ 1 સાડી 6 શર્ટની કિંમત પણ રૂા. 1600 છે, તો 12 શર્ટની કિંમત કેટલી હશે ?

(A) રૂા. 2,400
(B) રૂા. 3,600
(C) રૂા. 4,800
(D) રૂા. 7,200

070. એક હોડી પ્રવાહ સાથે 11 કિમી/કલાકની ઝડપે અને પ્રવાહ વિરૂદ્ધમાં 5 કિમી/કલાકની ઝડપે જઈ શકે છે. આ સંજોગોમાં સ્થિર પાણીમાં હોડીની ઝડપ કેટલી હશે ?

(A) 3 કિમી/કલાક
(B) 5 કિમી/કલાક
(C) 8 કિમી/કલાક
(D) 11 કિમી/કલાક

071. રૂા. 50 ના મુલ્યના ડીબેંચર 10% ડિસ્કાઉન્ટ/વટાવથી મળે છે. ડીબેંચર ઉપર 13% વ્યાજ નક્કી કરવામાં આવેલ છે. જો તે વ્યક્તિએ 2000 ડીબેંચર લીધેલ હોય તો તેને કેટલા ટકા વ્યાજની આવક રોકાણ પર મળેલ હશે ?

(A) 12.28%
(B) 15%
(C) 16%
(D) 12%

072. નીચેની સંખ્યાઓ પૈકી કઈ સંખ્યા યોગ્ય નથી ?

6, 9, 15, 21, 24, 28, 30

(A) 15
(B) 21
(C) 24
(D) 28

073. કોઈપણ પ્રકારના વિરામ વગર એક બસ સરેરાશ 54 કિમી/કલાકની ગતિથી જાય છે. આ બસ વિરામ સહિત, 45 કિમી/કલાકની ઝડપથી જાય છે. આ સંજોગોમાં આ બસ સામાન્ય રીતે કેટલા મીનીટ રોકાય છે ?

(A) 8
(B) 9
(C) 10
(D) 11

074. A, B કરતા 4 વર્ષ ઉમરમાં મોટો છે અને B, C કરતા બમણી ઉમરનો છે. A, B અને C ની ઉમરનો સરવાળો 54 વર્ષ છે. આ સંજોગોમાં B ની ઉમર કેટલી હશે ?

(A) 14
(B) 16
(C) 18
(D) 20

075. ક્વાર્ટ્ઝ ઘડીયાળમાં વપરાતો ક્વાર્ટ્ઝ સ્ફટિક "quartz crystal" એ .......... છે.

(A) સિલિકોન ડાયોક્સાઈડ (Silicon dioxide)
(B) જર્મેનિયમ ઓક્સાઈડ (Germanium oxide)
(C) સિલિકોન ડાયોક્સાઈડ અને જર્મેનિયમ ઓક્સાઈડનું મિશ્રણ (mixture of Silicon dioxide and Germanium oxide
(D) સોડિયમ સિલિકેટ (Sodium silicate)

076. વૉશીંગ સોડા (washing soda) નું સામાન્ય નામ :

(A) સોડીયમ કાર્બોનેટ (Sodium carbonate)

(B) કેલ્શીયમ કાર્બાઈડ (Calcium carbide)

(C) કેલ્શીયમ બાયકાર્બોનેટ (Calcium bicarbonate)

(D) સોડીયમ બાયકાર્બોનેટ (Sodium bicarbonate)

077. ''ટેટ્રાએથિલ લીડ'' (Tetraethy lead) નો શું ઉપયોગ થાય છે ?

(A) દુઃખ/પેન ઘટાડવા (painkiller)

(B) આગ બુજાવવા (fire extinguisher)

(C) મચ્છર મારવાની દવા તરીકે (mosquito repellent)

(D) પેટ્રોલમાં ઉમેરણ (petrol additive)

078. ભારત અને યુ.કે. (U.K.) ના વૈજ્ઞાનિકોએ ''Hand washing robot'' બનાવેલ છે તેનુ શું નામ આપેલ છે.

(A) ગોપી (Gope)

(B) હેપી (Hepe)

(C) હોપ (Hope)

(D) પેપી (Pepe)

079. ભારતમાં એટોમીક એનર્જી 'Atomic energy' ના પિતા કોને ગણવામાં આવે છે ?

(A) એ.પી.જે. અબ્દુલ કલામ (A.P.J. Abdul Kalam)

(B) હોમી જે. ભાભા (Homi J. Bhabha)

(C) રાજા રમન્ના (Raja Ramanna)

(D) હોમી સેઠના (Homi Sethna)

080. એડીક્ટીવ મેન્યુફેક્ચરીંગ (addictive manufacturing) ને બીજા કયા નામથી પણ ઓળખવામાં આવે છે ?

(A) 2-D પ્રીન્ટીંગ (2-D printing)

(B) 3-D પ્રીન્ટીંગ (3-D printing)

(C) CPU એસમ્બલી (CPU assembly)

(D) મેમરી મેનેજમેન્ટ (memory management)

081. નીચેના પૈકી કોને ''ઈન્કલેસ પ્રિન્ટર'' (inkless printer) તરીકે પણ ઓળખવામાં આવે છે ?

(A) થર્મલ પ્રિન્ટર (thermal printer)

(B) ઈન્ક જેટ પ્રિન્ટર (inkjet printer)

(C) OCR

(D) ડૉટ મેટ્રીક્સ પ્રિન્ટર (dot matrix printer)

082. એનવીરોનમેન્ટ (environment) શબ્દ કઈ ભાષામાંથી લેવામાં આવેલ છે ?

(A) ગ્રીક

(B) સ્પેનીશ

(C) અંગ્રેજી

(D) ફ્રેન્ચ

083. ઔદ્યોગીકરણની નકારાત્મક અસરો દુર કરવા શું કરવું જરૂરી છે જેથી દેશનો યોગ્ય વિકાસ થાય ?
(A) બધા ઔદ્યોગીક એકમો બંધ કરો
(B) નવા ઔદ્યોગીક એકમો શરૂ ન કરવા
(C) એકમના બધાજ કચરાનો, પાણીને યોગ્ય રીતે પ્રક્રિયા કરીને પછી જ નીકાલ કરો
(D) એકમોને મનુષ્ય વસ્તીથી દુર સ્થાપવાના આદેશો આપો

084. 'જાવા' (Java) ને કયા એકમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ હતી ?
(A) IBM
(B) Intel
(C) સન માયક્રોસીસ્ટમ (Sun Microsystem)
(D) Microsoft

085. ભારતમાં શિક્ષક દિવસ (National Teachers Day) ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) સપ્ટેમ્બર-2
(B) સપ્ટેમ્બર-4
(C) સપ્ટેમ્બર-5
(D) સપ્ટેમ્બર-6

086. "ALUAV" ના ઉત્પાદન માટે ભારતના સંરક્ષણ મંત્રાલય સાથે કયા દેશે કરાર કરેલ છે ?
(A) રશિયા (Russia)
(B) યુ.એસ.એ. (U.S.A.)
(C) ચીન (China)
(D) જર્મની (Germany)

087. "D4S સીસ્ટમ"ના વિકાસ માટે ભારતીય સંરક્ષણ મંત્રાલય સાથે કોણે કરાર કરેલ છે ?
(A) DRDO
(B) HAL
(C) ISRO
(D) CSIR

088. હાલમાં ભારત સરકારે ટેલીકૉમ ક્ષેત્ર (Telecom sector)માં કેટલા ટકા % FDI ને બહાલી આપી છે ?
(A) 60%
(B) 85%
(C) 90%
(D) 100%

089. રીફોર્મ ઈન અર્બન પ્લાનીંગ કેપેસીટી ઈન ઈન્ડીયા (Reform in Urban Planning Capacity) ના અહેવાલ મુજબ દરેક શહેરે "Healthy City for All"નું લક્ષ્યાંક કયા વર્ષ સુધી પ્રાપ્ત કરવાનું છે ?
(A) 2025
(B) 2030
(C) 2035
(D) 2040

090. દિલ્હી-મુંબઈ હાયવે કે જે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ હાયવે છે, તે કેટલા રાજ્યોમાંથી પસાર થાય છે ?
(A) 4
(B) 5
(C) 6
(D) 7

091. ઓસ્ટ્રેલીયા દ્વારા કયા દેશોના સહકારથી "ન્યુક્લીયર - પાવર" સંચાલીત સબમરીન બનાવવાનાં કરારો કરેલ છે ?
(A) ફ્રાન્સ અને જર્મની
(B) બ્રીટન અને ફ્રાન્સ
(C) ભારત અને અમેરીકા
(D) બ્રીટન અને અમેરીકા

**092.** વર્લ્ડ પેશંટ સેફટી ડે (World Patient Safety Day) ક્યારે ઉજવાય છે ?

(A) 15 સપ્ટેમ્બર
(B) 16 સપ્ટેમ્બર
(C) 17 સપ્ટેમ્બર
(D) 18 સપ્ટેમ્બર

**093.** NCC ની વ્યાપક સમીક્ષા કરવા સંરક્ષણ મંત્રાલય દ્વારા કોના અધ્યક્ષ સ્થાને કમીટી રચવામાં આવેલ છે ?

(A) આનંદ મહીન્દ્રા (Anand Mahindra)
(B) બાયજયંત પાંડા (Baijayant Panda)
(C) એમ.એસ. ધોની (M.S. Dhoni)
(D) વસુધા કામત (Vasudha Kamat)

**094.** AI based ભાષાના અનુવાદ માટેનું સોફ્ટવેર-પ્રોજેક્ટ ઉડાન કઈ સંસ્થા દ્વારા વીકસાવેલ છે ?

(A) IIT, Delhi
(B) IIT, Mumbai
(C) IIT, Kanpur
(D) IIT, Chennai

**095.** બ્લાસ્ટ ફરનેસ (Blast Furnace) માંથી બારોબાર $CO_2$ ખેંચી શકે તેવું ભારતનું પ્રથમ $CO_2$ કેપ્ચર પ્લાન્ટ કોણે વિકસાવેલ છે ?

(A) L&T
(B) ONGC
(C) Tata Steel
(D) BHEL

**096.** લશીથ મલીન્ગા (Lashith Malinga) કે જેઓએ હાલમાં ક્રિકેટમાંથી નિવૃત્તી લીધેલ છે તેઓ કયા દેશના ખેલાડી હતા ?

(A) વેસ્ટ ઈન્ડીઝ (West Indies)
(B) બાંગ્લાદેશ (Bangladesh)
(C) ઈંગ્લેન્ડ (U.K.)
(D) શ્રીલંકા (Sri Lanka)

**097.** પીસફુલ મીશન 2021 "Peaceful Mission 2021" એક્સરસાઈઝ કયા દેશ દ્વારા યોજવામાં આવેલ હતી જેમા ભારતે ભાગ લીધેલ હતો ?

(A) રશિયા
(B) ઓસ્ટ્રેલીયા
(C) ચીન
(D) બાંગ્લાદેશ

**098.** ઝીરો પોલ્યુશન ડીલીવરી વાહનો માટે કઈ સંસ્થા દ્વારા કેમ્પેન શૂન્ય (Campaign Shoonya) શરૂ કરવામાં આવેલ છે ?

(A) ઈસરો
(B) નીતિ આયોગ
(C) IIT, ચેન્નઈ
(D) કેનેરા બેન્ક

**099.** ''રાજા મહેન્દ્રપ્રતાપ સીંઘ યુનિવર્સિટી''નો શીલાન્યાસ માન. વડાપ્રધાન દ્વારા કયા શહેરમાં કરવામાં આવેલ હતો ?

(A) મેરઠ
(B) વારાણસી
(C) અલીગઢ
(D) જયપુર

**100.** કીંગ શેજોગ લીટરસી પ્રાઈઝ-2021 (King Sejong Literacy Prize-2021) કે જે યુનેસ્કો (UNESCO) દ્વારા આપવામાં આવે છે. તે કઈ સંસ્થાને આપવામાં આવેલ છે ?

(A) IGNOU
(B) CBSE
(C) NCERT
(D) NIOS

101. માધ્યમિક શાળાઓ માટે 29-11-56 નું જાહેરનામું રદ કરી સુધારેલા સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ પ્રસિધ્ધ કરવાનું જાહેરનામું કઈ તારીખે બહાર પાડવામાં આવેલ.

(A) 1-5-1960
(B) 22-4-1960
(C) 22-4-1964
(D) 1-4-1964

102. સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ અનુસાર ‘‘લોકશાળા’’ એટલે શું?

(A) સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી અનુદાનિત શાળા.
(B) રહેવાની સગવડો સાથે અને કોઈ એક બુનિયાદી ઉધ્યોગ શિખવતી ઉત્તર બુનિયાદી શાળા.
(C) દરરોજના કામકાજના સમય કરતાં અડધા સમય માટે રાત્રે અથવા સવારે ચલાવવામાં આવતી 15 કે તે કરતાં વધુ વય ધરાવતા વ્યક્તિઓને શિક્ષણ આપતી અનુદાનિત શાળા.
(D) વ્યવસાયિક અભ્યાસક્રમોનું શિક્ષણ આપતી શાળા.

103. સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ અનુસાર ઓછામાં ઓછા કેટલા ટકા કન્યાઓને શિક્ષણ આપતી શાળા એટલે ‘‘છોકરીઓ માટેની શાળા’’ ?

(A) 70
(B) 60
(C) 50
(D) 40

104. શાળામાં છોકરીઓ અભ્યાસ કરતી હોય તો કેટલી છોકરીઓનાં એક એકમ દીઠ એક શિક્ષિકા રાખવાની સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહમાં જોગવાઈ કરાયેલ છે?

(A) 60
(B) 50
(C) 30
(D) 40

105. યોગ્ય કારણો સિવાય શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવાની ના પાડવામાં આવે કે પ્રમાણપત્ર આપવામાં વિલંબ કરવામાં આવેતો શાળા વિરુધ્ધ પગલાં લઈ શકાય છે, સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ અનુસાર આ બાબતે કેટલા સમય કરતાં વધારે નો વિલંબ હોય તો પગલાં લઈ શકાય?

(A) ત્રણ દિવસ
(B) એક અઠવાડિયુ
(C) દસ દિવસ
(D) પંદર દિવસ

106. સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ અનુસાર વિદ્યાર્થીને અપાતાં ઘરકામ નું પ્રમાણ વધુ માં વધુ કેટલું હોવું જોઈએ ?

(A) 30 મિનિટ
(B) 60 મિનિટ
(C) 75 મિનિટ
(D) 120 મિનિટ

107. સહાયક ગ્રાન્ટ નિયમસંગ્રહ અનુસાર નિયમસરની દાક્તરી તપાસ ઉપરાંત વિદ્યાર્થીની ઊંચાઈ અને વજન માપવા અંગે શી જોગવાઈ થયેલ છે?

(A) દર ત્રણ માસે વિદ્યાર્થીની ઊંચાઈ અને વજનના માપ લેવા.
(B) દર છ માસે વિદ્યાર્થીની ઊંચાઈ અને વજનના માપ લેવા
(C) દર વર્ષે વિદ્યાર્થીની ઊંચાઈ અને વજનના માપ લેવા
(D) વિદ્યાર્થીની ઊંચાઈ અને વજનના માપ નોંધવા સારું નિયમસરની દાક્તરી તપાસ ઉપરાંત અન્ય કોઈ જોગવાઈ થયેલ નથી.

108. પાળી પધ્ધતિથી ચાલતી શાળામાં આચાર્યનો કામકાજનો સમય નક્કી કરવાની સત્તા કોને છે?

(A) શિક્ષણ નિરીક્ષક

(B) શિક્ષણ નિયામક

(C) મંડળના વડા (સંચાલક)

(D) જિલ્લા શિક્ષણાધિકારી

109. બીજા રાજ્યમાંથી આવનાર વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે આચાર્યશ્રીએ કઇ બાબતનું ધ્યાન રાખવાનું હોય?

(A) બીજા રાજ્યની શાળામાંથી મેળવેલ શાળા છોડયાના પ્રમાણપત્રને આધારે પ્રવેશ આપવો.

(B) શાળા છોડયાના પ્રમાણપત્ર પર આપણા રાજ્યના જે-તે જિલ્લાના શિક્ષણાધિકારીશ્રીના સામી સહિ મેળવવી.

(C) જે રાજ્યમાંથી વિદ્યાર્થી આવ્યો હોય ત્યાંના સંબંધિત જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની સામી સહી શાળા છોડયાના પ્રમાણપત્ર પર મેળવવી.

(D) ગુજરાત રાજયના શિક્ષણ નિયામકની મંજૂરી મેળવ્યા બાદ પ્રવેશ આપવો.

110. નીચે પૈકીના કયા કારણોસર શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવાની ના પાડી શકાય ?

(A) વિદ્યાર્થીની હાજરી અનિયમિત હોય.

(B) પુખ્ત વયના વિદ્યાર્થીના કિસ્સામાં વાલીની સહી ન હોય.

(C) વિદ્યાર્થીની ફી ભરવાની બાકી હોય.

(D) કોઇપણ કારણસર પ્રમાણપત્ર આપવાની ના પાડી શકાય નહીં.

111. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ પ્રકરણ 7-ક માં કઈ બાબતોની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા આપવા બાબત.

(B) ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકો ને શિક્ષા કરવા માટેની કાર્યરીતિ અંગે

(C) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકારનો કાયદો અમલ માં આવવાના કારણે તેને અનુરૂપ ફેરફાર બાબત

(D) નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ ના અમલીકરણ અંગે

112. માન્ય ખાનગી પ્રાથમિક શાળાનો શિક્ષક રાજીનામું આપવા માંગે તો તેણે રાજીનામું કોને પેશ કરવાનું હોય છે?

(A) પોતાની શાળાના મુખ્ય શિક્ષક/આચાર્ય

(B) પોતાની શાળાના સંચાલક

(C) કાર્યક્ષેત્ર ધરાવાતા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

(D) કાર્યક્ષેત્ર ધરાવતા સ્કૂલબોર્ડના વહીવટી અધિકારીને

113. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ની મૂળ જોગવાઈ અનુસાર પ્રાથમિક શાળામાં હાજરી આપતા વિદ્યાર્થી ઓની જન્મતારીખ, નામ અને જ્ઞાતિમાં ફેરફાર કરવાની મંજૂરી આપવાની સત્તા કોને પહોંચે છે?

(A) અધ્યક્ષ જિલ્લા પંચાયત

(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(C) અધ્યક્ષ જિલ્લા સ્કુલ બોર્ડ

(D) જિલ્લા વિકાસ અધિકારી

114. પ્રાથમિક શાળાઓ માટે શિક્ષકો,મદદનીશ શિક્ષણ નિરીક્ષક, સુપરવાઈઝર વિ. ની નિમણૂક કરવા સારું રાજ્ય કક્ષાની સ્ટાફ પસંદગી સમિતિ રચવા અંગે 1947 ના અધિનિયમમાં સુધારો કરી કલમ 23 ક્યારે બદલવામાં આવી ?

(A) 1986
(B) 2010
(C) 2009
(D) 2003

115. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 54 અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 ની કલમ 48 વચ્ચે શું સામ્યતા છે?

(A) નિર્દેશો આપવાની રાજ્ય સરકારની સત્તાની જોગવાઈ.
(B) શિક્ષકોની સેવા વિષયક બાબતો
(C) માન્યતા સિવાય શિક્ષણ આપવા સામે પ્રતિબંધ.
(D) ટ્રિબ્યુનલો ની રચના .

116. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 38 અન્વયે રાજ્યસરકારે ગુજરાતી માધ્યમ સિવાયના માધ્યમો માં શિક્ષણ આપતી શાળાઓમાં ધોરણ 1 થી ગુજરાતી વિષય શિખવવાનું ક્યારથી ફરજિયાત કર્યું ?

(A) 2017 ના પ્રથમ સત્રથી
(B) 2018 ના પ્રથમ સત્રથી
(C) 2019ના પ્રથમ સત્રથી
(D) 2020 ના પ્રથમ સત્રથી

117. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની જોગવાઈ અનુસાર સ્કૂલ બોર્ડ માં ચૂંટાવા માટે ઉમેદવાર ઓછામાં ઓછી કેટલી વય ધરાવતા હોવા જોઈએ ?

(A) 18 વર્ષ
(B) 21 વર્ષ
(C) 25 વર્ષ
(D) 30 વર્ષ

118. ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકને સંચાલકે ફરજમોકૂફ કર્યા હોય ત્યારે સ્કૂલબોર્ડના વહીવટી અધિકારી એ જાણ થયાની તારીખથી કેટલા દિવસમાં તેને બહાલી આપવાની હોય છે?

(A) 7 દિવસ
(B) 15 દિવસ
(C) 30 દિવસ
(D) 45 દિવસ

119. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે કોઈ ખાનગી શાળાને મકાન ખરીદવા સારુ કુલ અંદાજના વધુ માં વધુ કેટલા ટકા ગ્રાન્ટ મળી શકે?

(A) 10%
(B) 20%
(C) 25%
(D) 33%

120. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 માં ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણની વ્યાખ્યા ક્યારે ઉમેરવામાં આવી?

(A) અધિનિયમની શરૂઆત થી જ છે.
(B) વર્ષ 1986 ના સુધારા થી
(C) વર્ષ 2003 ના સુધારા થી
(D) વર્ષ 2010 ના સુધારા થી

121. કોઈ પણ વ્યક્તિ બોર્ડ દ્વારા સંચાલિત કોઈ પરીક્ષા દરમ્યાન પરીક્ષાની ગુપ્તતાને અસર કરે તેવું ગુનાહિત કૃત્ય કરે તો તેને વધુમાં વધુ કેટલી શિક્ષા થઈ શકે?

(A) પાંચ વર્ષ સુધીની કેદ અથવા/અને બે લાખ રૂ દંડ
(B) ત્રણ વર્ષ સુધીની કેદ અથવા/અને એક લાખ રૂ દંડ
(C) બે વર્ષ સુધીની કેદ અથવા / અને 200 રૂ દંડ
(D) એક વર્ષ સુધીની કેદ અથવા/અને 1000 રૂ દંડ

122. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨, કલમ ૩ અનુસાર નીચે પૈકી કયો હોદ્દો ધરાવતા અધિકારી બોર્ડના સભ્ય ગણાય?

(A) નિયામક, રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ
(B) ટેકનિકલ શિક્ષણ નિયામક
(C) કુલપતિ, ગુજરાત ચિલ્ડ્રન યુનિવર્સિટી
(D) નિયામક, રોજગાર અને તાલીમ

123. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના 1/3 થી વધુ સભ્યો અધ્યક્ષને આવેદન આપી બોર્ડની ખાસ બેઠક બોલાવવા રજૂઆત કરેતો અધ્યક્ષશ્રી પાસે કયો કાયદાકીય વિકલ્પ ઉપલબ્ધ છે?

(A) તેઓએ 21 દિવસમાં બેઠક બોલાવવાની રહે.
(B) તેઓએ 14 દિવસમાં બેઠક બોલાવવાની રહે.
(C) યોગ્ય કારણ/એજન્ડા/તાકીદ ન જણાય તો રજૂઆત નામંજૂર કરી શકે.
(D) કલમ 48 અનુસાર દરખાસ્ત કરી રાજ્ય સરકારના આદેશો મેળવે.

124. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માટે પોતાના કાર્યો બજાવવા કઈ સમિતિઓની રચના કરવી કાયદા મુજબ ફરજિયાત છે?

i. કારોબારી સમિતિ
ii. અભ્યાસક્રમ સમિતિ
iii. અંદાજ સમિતિ
iv. પરીક્ષા સમિતિ
v. શિક્ષણ સમિતિ
vi. નાણાં સમિતિ

(A) i, iv અને vi
(B) i, iv અને v
(C) i અને iv
(D) i, iv, v અને vi

125. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972, અનુસાર નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી?

(A) બોર્ડનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિને બોર્ડની કોઈ સમિતિમાં નીમી શકાય.
(B) કોઈ યુનિવર્સિટીએ રજીસ્ટર કરેલી હાઈસ્કૂલનો માન્ય શાળાની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.
(C) બોર્ડના ચુંટાયેલા સભ્યોની મુદત ત્રણ વર્ષની હોય છે.
(D) શિક્ષકની વ્યાખ્યામાં આચાર્યનો સમાવેશ થાય છે.

126. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972, અનુસાર રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલી મંડળ માંથી કેટલા સભ્યોને બોર્ડમાં ચૂંટવામાં આવેછે?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

127. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું પ્રશ્નપત્ર સાચવવાની જવાબદારી સોંપાયેલ હોય તેવી વ્યક્તિ પરીક્ષા ના સમય અગાઉ તેની વિગતો જાહેર કરી દે તેવું સાબિત થાય તો અદાલત તેને વધુમાં વધુ કેટલા વર્ષ ની કેદની સજા કરી શકે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 5 વર્ષ

128. નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના સંચાલકે શાળા બંધ કરવા ધાર્યું હોય તો જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તેના કેટલા સમય અગાઉ બોર્ડને લેખિત નોટિસ આપવાની હોય છે?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) 12 માસ

129. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વહીવટ બાબતે નીચે પૈકીની કઈ બાબત સાચી નથી ?

(A) રાજ્ય સરકાર બોર્ડનું વિસર્જન કરવાની સત્તા ધરાવે છે.
(B) રાજ્ય સરકાર ગુજરાત વિધાનસભાના બે ધારાસભ્યશ્રીઓ ને બોર્ડના સભ્ય તરીકે નીમી શકે છે.
(C) બોર્ડે પોતાના નાણાંકીય સંસાધનો જાતે ઉભા કરવાના હોય છે, રાજ્ય સરકાર કોઈ સહાય કરી શકે નહીં.
(D) આવકના પૂરતાં સંસાધનોની જોગવાઈ સારું બોર્ડ ખુલ્લા બજારમાંથી અથવા બીજી રીતે નાણાં ઉછીના લઈ શકેછે.

130. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઓછામાં ઓછા કેટલા સભ્યોની માગણી હોય તો સરકાર નિયમો, વિનિયમો અને ઉપનિયમો ની જોગવાઈ ના અર્થઘટન સબંધે વિચારણા અને નિર્ણય કરી શકે છે?

(A) 10 સભ્યો
(B) 30% સભ્યો
(C) 1/3 સભ્યો
(D) 40% સભ્યો

131. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 માં નીચે પૈકીની કઈ બાબત માટે સ્પષ્ટ મનાઈ ફરમાવેલ છે.

i. શિક્ષકે ખાનગી ટયુશન આપવાની
ii. પ્રવેશ વખતે વાલીઓના ઈન્ટરવ્યૂ લેવાની
iii. નિમ્ન પ્રાથમિક ધોરણના બાળકોને ગૃહકાર્ય આપવાની
iv. જન્મ તારીખના પુરાવા ના અભાવે બાળકનો પ્રવેશ નકારવાની

(A) i અને ii
(B) i, ii અને iii
(C) i, ii અને iv
(D) ii, iii અને iv

132. પ્રવર્તમાન વિનિયમો અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મિલકતમાં કેટલા રૂપિયા કરતાં વધારે કિંમતની ખોટ જાય તો સચિવે તપાસનીશ લોકલફંડ હિસાબ,ગુજરાત ને જાણ કરવાની હોય છે?

(A) ₹ 400
(B) ₹ 500
(C) ₹ 1000
(D) ₹ 1500

133. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અભ્યાસ સમિતિના સભ્યની મુદત કેટલા સમયની હોય છે?

(A) બોર્ડ ચાલુ રહે ત્યાર સુધી
(B) નિમણૂક ની તારીખથી ત્રણ વર્ષ
(C) નિમણૂક ની તારીખથી બે વર્ષ
(D) નિમણૂક ની તારીખથી એક વર્ષ

134. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ વિનિયમો અનુસાર ઉત્તરબુનિયાદી શાળામાં વર્ગદીઠ મહત્તમ સંખ્યા કેટલી હોવી જોઈએ ?

(A) 30
(B) 40
(C) 60
(D) 66

135. સામાન્ય રીતે કોઈ સંચાલક મંજૂર થયેલ વર્ગમાં ઘટાડો કરી શકતો નથી પરંતુ તેમ કરવાની જરૂર ઉપસ્થિત થાય તો શાળાનું શૈક્ષણિક વર્ષ શરૂ થયાના કેટલા સમયમાં તેણે બોર્ડને દરખાસ્ત કરવાની હોય છે ?

(A) શૈક્ષણિક વર્ષ શરૂ થયાના 1 માસ સુધીમાં.
(B) શૈક્ષણિક વર્ષ શરૂ થયાના 3 માસ સુધીમાં.
(C) પ્રથમ સત્ર પૂર્ણ થતાં અગાઉ.
(D) શૈક્ષણિક વર્ષ શરૂ થવાના છ માસ અગાઉ.

136. વિધાર્થી શાળા છોડી ગયા પછી તમામ આધાર પુરાવાઓ સાથે જન્મતારીખમાં સુધારો કરવાની રજૂઆત કરે તો આવો સુધારો કોણ કરી શકે?

(A) કારકુનની ભૂલ જણાતી હોય તો શાળાના આચાર્ય
(B) યોગ્ય પુરાવા જેવાકે જન્મ નોંધણી પ્રમાણપત્ર હોય તો જિલ્લા શિક્ષણાધિકારી
(C) એક વાર વિધાર્થી શાળા છોડી ગયા પછી શાળા રેકર્ડમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી
(D) પ્રથમવર્ગના મેજિસ્ટ્રેટ, જરૂરી પુરાવો લઈને

137. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણી અંગે કોઈ કોર્ટમાં કેસ થયો હોય તેવા કિસ્સામાં મતપેટીમાંના મતપત્રો અને સીલ કરેલ પેકેટો નાશ કરવા અંગે વિનિયમો માં શું જોગવાઈ થયેલ છે?

(A) સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયની તારીખથી એક મહિનો પૂર્ણ થયે તેનો નાશ કરી શકાય છે.
(B) સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયની તારીખથી ત્રણ મહિના પૂર્ણ થયે તેનો નાશ કરી શકાય છે.
(C) આગામી ચૂંટણી સુધી તે સાચવી રાખવાના હોય છે.
(D) સત્તા ધરાવતી કોર્ટના નિર્ણયની તારીખથી એક વર્ષ પૂર્ણ થયે તેનો નાશ કરી શકાય છે.

138. સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈ પ્રમાણે એક શાળામાં 20 વર્ગ હોય તો વધુમાં વધુ કેટલા સુપરવાઈઝરને નિમણૂક આપી શકાય ?

(A) શૂન્ય
(B) એક
(C) બે
(D) ત્રણ

139. જાન્યુઆરી 2021 માં થયેલ સુધારા મુજબ 700 વિદ્યાર્થી સંખ્યા ધરાવતી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માં કેટલા બિન શૈક્ષણિક કર્મચારીઓ મળી શકે?

(A) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન, 1 મુખ્ય કારકુન
(B) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન, 1 અધિક્ષક
(C) 2 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન
(D) 1 જુનિયર કારકુન, 1 સીનીયર કારકુન

140. તાજેતર માં થયેલ સુધારા મુજબ ઓછામાં ઓછા કેટલા વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાને ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ (OS) મળી શકે ?

(A) 1001
(B) 1201
(C) 1401
(D) 1601

141. અરૂણ ની જન્મતારીખ 25-5-2016 છે. બીજલ ની જન્મતારીખ 20-6-2016 છે ચતુર ની જન્મતારીખ 25-6-2015 છે. ડોલીની જન્મતારીખ 1-6-2015 છે, શૈક્ષણિક વર્ષ 2021-22 ની શરૂઆતમાં RTE નિયમો 2012 અનુસાર ધોરણ 1 માં પ્રવેશવાની લાયકાત કોણ ધરાવેછે?

(A) અરૂણ, ચતુર અને ડોલી
(B) માત્ર ડોલી
(C) અરૂણ અને ડોલી
(D) અરૂણ, બીજલ, ચતુર અને ડોલી બધા જ

142. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અનુસાર શિક્ષકને વર્ગખંડના શિક્ષણ સિવાય નીચે પૈકીની કઈ કામગીરી શિક્ષકને સોંપી ન શકાય?

i. દસ વર્ષીય વસતી ગણતરી
ii. વાવાઝોડું આવ્યા પછીની રાહત કામગીરી
iii. લોકસભા ચૂંટણી કામગીરી
iv. નગરપાલિકા ચૂંટણી કામગીરી
v. પશુ ગણતરી

(A) i, ii અને iv
(B) માત્ર v
(C) ii, iii અને iv
(D) iv અને v

143. કોઈ પણ પૂર્વ શાળા (PRE SCHOOL ) માં પ્રવેશ વખતે જૂન મહિના ની પહેલી તારીખના રોજ બાળકની વય કેટલા વર્ષ પૂર્ણ થયેલ હોવી જોઈએ ?

(A) ચાર
(B) છ
(C) ત્રણ
(D) સાડા ત્રણ

144. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 માં પ્રકરણ 3 માં ભિન્ન પ્રકારની ફરજોની જોગવાઈ કરાયેલ છે તે મુજબ સ્થળાંતરિત કુટુંબોના બાળકોના પ્રવેશ ( શાળાઓમાં)નિશ્ચિત કરી આપવાની ફરજ કોની છે?

(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) સેવાભાવી સંસ્થાઓ (NGO)
(D) સ્થાનિક સત્તાતંત્ર

145. એવા પુરાવાઓ મળી આવેકે એક શાળાએ પ્રાથમિક ધોરણમાં પ્રવેશ આપવા સારું રૂ 40,000 કેપીટેશન ફી પેટે સ્વીકારેલ છે તો આ શાળાને કાયદા અનુસાર મહત્તમ શું શિક્ષા થઈ શકે.?

(A) શાળાની માન્યતા કાયમ માટે રદ થાય.
(B) રૂ 4,00,000 દંડ ભરવાનો થાય.
(C) 2 વર્ષની સજા અને/અથવા 5000 રૂ દંડ થાય.
(D) 4000 રૂ દંડ થાય.

146. કયા બંધારણીય સુધારાથી 6 થી 14 વર્ષની વયના બાળકોને શિક્ષણની તક પૂરી પાડવાની બાબત માતા -પિતા/વાલી ની ફરજ માં આવેછે?

(A) 94 મો સુધારો-અનુચ્છેદ 164(1) માં
(B) 86 મો સુધારો અનુચ્છેદ 51 A માં
(C) 44 મો સુધારો-અનુચ્છેદ 21 A માં
(D) 42 મો સુધારો – આમુખ માં

147. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અનુસાર ધોરણ 1 થી 5 ના વર્ગો માટે વર્ષમાં ઓછામાં ઓછા કેટલા દિવસ શૈક્ષણિક કાર્ય થવું જોઈએ?

(A) 210
(B) 200
(C) 220
(D) 230

148. શાળા સંચાલન સમિતિ (SMC)માં ઓછામાં ઓછા કેટલા વાલીઓ ને સભ્ય તરીકે રાખવાના હોય છે ?

(A) 5
(B) 6
(C) 9
(D) 12

149. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અન્વયે રચવાપાત્ર ''રાજ્ય સલાહકાર સમિતિમાં'' વધુમાં વધુ કેટલા સભ્યોની નિમણૂક કરવાની જોગવાઈ છે?

(A) 7
(B) 9
(C) 12
(D) 15

150. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અનુસાર ધોરણ 6 થી 8 માટે વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર કેટલો હોવો જોઈએ ?

(A) 25:1
(B) 35:1
(C) 40:1
(D) 60:1

151. શાળા સંચાલન સમિતિને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો 2012 ના અન્વયે 22-03 -2011 ના ઠરાવો થી સોંપાયેલ ફરજો પૈકી કઈ ફરજ પાછળથી પરત ખેંચી લેવાયેલ?

(A) શિક્ષકો બિનશૈક્ષણિક કામગીરીના ભારણ હેઠળ છે કે કેમ તે જોવાની
(B) મધ્યાહન ભોજન યોજના ના સ્ટાફની નિમણૂક અંગેની
(C) બાળકોની હાજરી અંગેની
(D) શાળા વિકાસ યોજના તૈયાર કરવાની

152. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 મુજબ મરાઠી અને ગુજરાતી ઉપરાંત કઈ ભાષાને ''પ્રાદેશિક ભાષા'' તરીકે વ્યાખ્યાયિત કરાઈ છે?

(A) ઉર્દૂ
(B) કન્નડ
(C) સિંધી
(D) તમીલ

153. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અન્વયે નીચે પૈકી નવું નામાભિધાન પામેલ તંત્ર કયું છે?

(A) શિક્ષણ વિભાગ, ભારત સરકાર
(B) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
(C) NUEPA
(D) CBSE

154. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ શિક્ષણનું તબક્કાવાર માળખું કેવી રીતે દર્શાવાય છે?

(A) 5+3+3+4 (B) 10+2+3

(C) 8+2+2+3 (D) 5+3+4+3

155. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં 8 વર્ષ સુધીની વયના બાળકો માટે પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ અને શિક્ષણની પધ્ધતિઓ ઘડવાનું કામ કઈ સંસ્થાને સોંપાયું છે?

(A) NUEPA (B) CBSE

(C) NCERT (D) SSA

156. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં કયા ધોરણ સુધી માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં જ શિક્ષણ અપાય તેવો આગ્રહ સેવવામાં આવેલ છે?

(A) ધોરણ 3 (B) ધોરણ 5

(C) ધોરણ 8 (D) ધોરણ 10

157. શિક્ષકની ગુણવત્તા અંગેના રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયિક ધોરણો ઘડી કાઢવાનું કાર્ય NCTE ને સોંપાયેલ છે. આ કાર્ય કયાર સુધીમાં સંપન્ન કરવાનું લક્ષ્ય શિક્ષણ નીતિ 2020 માં રાખવામાં આવેલ છે?

(A) 2021 (B) 2022

(C) 2023 (D) 2024

158. U-DISE 2016-17 અહેવાલ મુજબ દેશમાં 30 કરતા ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી જાહેર પ્રાથમિક શાળાઓની ટકાવારી કેટલી છે?

(A) 15% (B) 20%

(C) 25% (D) 28%

159. તમામ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ વિવિધ પ્રવાહો (Multi-disciplinary) માં શિક્ષણ આપે તેવી આશા 2020 ની શિક્ષણ નીતિમાં રાખવામાં આવેલ છે. કયા વર્ષ સુધીમાં આ બાબત સિદ્ધ થાય તેવું અપેક્ષીત છે?

(A) 2040 (B) 2035

(C) 2030 (D) 2025

160. નીચે પૈકીની કઈ સંસ્થા દેશ ભરમાં સેમ્પલ સર્વે કરી સમગ્ર શિક્ષણ તંત્ર ની ગુણવત્તા નો તાગ કાઢશે તેવું શિક્ષણ નીતિ 2020 માં અભિપ્રેત છે?

(A) NIOS (B) CIET

(C) PARAKH (D) NAC

161. સાક્ષર ભારત યોજના અને સરસ્વતીયાત્રા યોજનામાં અનુક્રમે કેટલો સાક્ષરતા દર હાંસલ કરવાનું લક્ષ્ય (Goal) હતું ?

(A) 85%, 80% (B) 80%, 75%

(C) 80%, 85% (D) 90%, 80%

162. કયા ધોરણનાવિદ્યાર્થીઓને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ પાઠ્યપુસ્તકના વિષય વસ્તુ PRE-LOAD કરેલ ટૅબલેટ્સ આપવામાં આવેલ છે?

(A) ધોરણ 5 થી 7
(B) ધોરણ 8
(C) ધોરણ 6 થી 7
(D) ધોરણ 7 થી 8

163. જ્ઞાન કુંજ પ્રોજેક્ટ હેઠળ વર્ગખંડ માટે શાળાને આપવામાં આવતી વસ્તુઓમાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?

(A) સી. સી . ટી . વી. કેમેરા
(B) લેપટોપ
(C) વાઈફાઈ રાઉટર
(D) શ્વેતફલક (WHITE બોર્ડ)

164. સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટ હેઠળ શાળાઓ પસંદ કરતી વખતે કયા માપદંડ લક્ષમાં લેવામાં આવે છે?

i. ગુણોત્સવ ગ્રેડિંગ
ii. કોમ્પ્યુટર લેબની ઉપલબ્ધતા
iii. શહેરીકરણ
iv. વિધાર્થી શિક્ષક ગુણોત્તર

(A) i અને ii
(B) i, ii અને iv
(C) i, ii અને iii
(D) i, ii, iii અને iv તમામ

165. પ્રવર્તમાન શાળા આર્કિટેક્ચરને બાળકના મૈત્રીપૂર્ણ રીતે ઉચ્ચ શૈક્ષણિક મૂલ્ય સાથે વધુ સાધનસભર બનાવવા માટે જગા (space) અને બિલ્ટ તત્વોનો નવીનતમ રીતે સમન્વય કરી શિક્ષણ ને રસપ્રદ બનાવવા સારું કયો કાર્યક્રમ અમલમાં મૂકાયેલ છે?

(A) સ્માર્ટ ક્લાસ
(B) ICT
(C) BaLA
(D) 'સ્વચ્છ વિદ્યાલય'

166. નીચે પૈકીનું કયું વિધાન પ્રજ્ઞા પ્રોજેક્ટના મૂળ ઉદ્દેશ સાથે બંધબેસતું નથી?

(A) તે બાળકોને તેમની પોતાની ગતિ અને સ્તરે શીખવાની તક આપે છે
(B) તે શિક્ષકો અને સાથીદારો પાસેથી શીખવાની તક આપે છે
(C) તે બાળકને કેવી રીતે શીખવું તે શીખવામાં મદદ કરે છે
(D) તે બાળકોને કોંમ્પ્યુટરમાં રસ લેતા કરેછે.

167. સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ મેળવવા સારું નીચે પૈકી કયા માપદંડો જળવાવા જોઈએ ?

i. નવમા ધોરણમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ
ii. અનુસૂચિત જાતિની કન્યા હોવું જોઈએ .
iii. આઠમા ધોરણમાં 60% કરતાં વધુ ગુણ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ
iv. શહેરી વિસ્તારના વાલીની આવક રૂ 1,50,000 તથા ગ્રામ્ય વિસ્તારના વાલી ની આવક રૂ 1,20,000 કરતાં વધુ ન હોવી જોઈએ.

(A) i, ii અને iv
(B) i, ii અને iii
(C) i, iii અને iv
(D) i, ii, iii અને iv

168. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અનુસાર ખાનગી શાળાઓમાં નબળા વર્ગો માટે અનંત રખાયેલ 25% જગા પર પ્રવેશ પામવા સારું ગ્રામ્ય વિસ્તાર ના બાળકના વાલી માટે વાર્ષિક આવક મર્યાદા કેટલી નિર્ધારિત થયેલ છે ?

(A) 1,50,000 રૂ (B) 1,20,000 રૂ

(C) 2,40,000 રૂ (D) 1,60,000 રૂ

169. રાજ્યની જિલ્લા અને નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા સંકુલ સહાય યોજના હેઠળ 200 વિદ્યાર્થીઓ ધરાવતી શાળાને કેટલા રૂ સહાય ચૂકવવા માં આવે છે?

(A) 400 (B) 1000

(C) 1800 (D) 4000

170. ગુજરાતમાં ગ્રીન એન્ડ સસ્ટેનેબલ સ્કૂલ પ્રોગ્રામનો પ્રારંભ કયા વર્ષથી થયેલ છે?

(A) 2013 (B) 2015

(C) 2017 (D) 2019

171. કોરોના વાયરસ ને કારણે શાળાઓ બંધ રહેતા હોમ લર્નીંગ કરી રહેલ પ્રાથમિક શાળા ના ધોરણ 5 થી 8 ના બાળકો માટે કયા ધોરણે ફૂડ સિક્યોરીટી એલાઉન્સ ચૂકવવાનું નક્કી થયેલ છે?

(A) રૂ 4.97 કૂકિંગ કોસ્ટ તથા 100 ગ્રામ અનાજ પ્રતિ દિન

(B) રૂ 5.15 કૂકિંગ કોસ્ટ તથા 150 ગ્રામ અનાજ પ્રતિ દિન

(C) રૂ 6.45 કૂકિંગ કોસ્ટ તથા 100 ગ્રામ અનાજ પ્રતિ દિન

(D) રૂ 7.45 કૂકિંગ કોસ્ટ તથા 150 ગ્રામ અનાજ પ્રતિ દિન

172. ધોરણ 10 ના પ્રવર્તમાન વિષય માળખા/પરીક્ષા સંદર્ભ માં નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી?

(A) મરાઠી માધ્યમનો વિદ્યાર્થી સંસ્કૃત વિષય રાખી શકતો નથી.

(B) ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષય બધા માધ્યમો માટે ફરજિયાત છે.

(C) જે માધ્યમમાં ભણતા હોય તે ભાષાને પ્રથમ ભાષા તરીકે રાખવાની હોય છે.

(D) બોર્ડના પ્રશ્નપત્રો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, ઉર્દૂ, સિંધી, તમિલ, તેલુગુ અને ઉડિયા ભાષામાં કાઢવામાં આવેછે.

173. નોંધાયેલી ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકો અને આચાર્યોની પસંદગી પ્રક્રિયાના નિયમો અનુસાર પસંદગી સમિતિના સભ્ય સચિવ (member secretary) કોણ હોય છે?

(A) કમિશ્નર, મધ્યાહન ભોજન યોજના

(B) સંયુક્ત નિયામક, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી

(C) નાયબ અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(D) નાયબ સચિવ શ્રી, શિક્ષણ વિભાગ

174. NCERT ની પ્રાદેશિક ઈન્સ્ટિટ્યૂટસ (Regional Institute of Education - RIE) ભોપાલ. ભુવનેશ્વર, અજમેર અને મૈસૂર ઉપરાંત કયા સ્થળે આવેલ છે?

(A) દિલ્હી (B) નાગપુર

(C) શિલોંગ (D) કોલકત્તા

175. ''પ્રત્યાયન'' નામનું સામયિક કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે?

(A) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

(B) GCERT

(C) ચિલ્ડ્રન યુનીવર્સિટી

(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

176. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને સાંકળતા ''શાળા સંકૂલ'' ની સંકલ્પના નો વિચાર કોના દ્વારા રજૂ થયો હતો?

(A) પ્રો. રામમૂર્તિ

(B) કોઠારી કમિશન

(C) ઈશ્વરભાઈ પટેલ સમિતિ

(D) મર્મર મુખોપાધ્યાય

177. 4 વર્ષના સંકલિત બી. એડ,ની ઉપાધિને શાળાની શિક્ષકની નિમણૂક માટે લઘુત્તમ લાયકાત ગણવાનું કયા વર્ષથી અમલમાં મૂકવાનું લક્ષ્ય શિક્ષણ નીતિ 2020 માં રાખેલ છે?

(A) 2030

(B) 2025

(C) 2027

(D) 2032

178. શ્રેષ્ઠ તાલીમ લઈ રહેલ શિક્ષક (trainee), શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી અને શ્રેષ્ઠ શિક્ષકો માટેની શિક્ષણ સંસ્થાને ''ચાણક્ય'' એવૉર્ડ કોના દ્વારા આપવામાં આવેછે?

(A) શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર

(B) આઈ. આઈ. ટી . ઈ. ગાંધીનગર

(C) ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર

(D) ગુજરાત વિદ્યાપીઠ

179. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અનુસાર ગુજરાત સરકારે ઘડેલા નિયમો અનુસાર શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી છ માસ દરમ્યાન દાખલ થયેલ બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ આપવાની જોગવાઈ કરેલ છે, નિયમોનુસાર આ તાલીમ ઓછામાં ઓછા કેટલા સમયની હોવી જોઈએ ?

(A) 1 માસ

(B) 2 માસ

(C) 3 માસ

(D) 4 માસ

180. દેશમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે ઓપરેશન બ્લેક બોર્ડ કાર્યક્રમ કયા વર્ષથી શરૂ થયેલ?

(A) 1987

(B) 1992

(C) 1994

(D) 2002

181. નીચે આપેલ જૂથમાં કયું બંધબેસતું નથી? (Find The Odd one Out)

CTE, IASE, GIET, GCERT

(A) CTE

(B) IASE

(C) GIET

(D) GCERT

182. રાજ્ય સરકારની અંગ્રેજી ભાષાના શિક્ષણ માટે ની SCOPE ટૂંકા અક્ષરેથી ઓળખાતી યોજનાના નામમાં અંગ્રેજી અક્ષર “O” નો શો અર્થ થાય છે?

(A) Of

(B) Opprotunity

(C) Orientation

(D) Operation

183. ઝડપથી બદલાતા સંજોગોના કારણે શિક્ષણની પધ્ધતિ અને ઉદ્યોગોની જરૂરિયાતમાં રહેલ કૌશલ્યવર્ધક માનવ સંસાધનની ખોટ પૂરી શકાય તે હેતુ થી કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે?

(A) KCG
(B) GKS
(C) IITE
(D) GSHSEB

184. કઈ સંસ્થા મહદ અંશે પ્રાથમિક શિક્ષણમાં તાલીમ,અભ્યાસક્રમ રચના અને સંશોધન સાથે સંકળાયેલ છે ?

(A) GCERT
(B) GIET
(C) SSA
(D) STTI

185. આ સંસ્થાને ઓળખો;-

-શિક્ષણ ઉપરાંત વન અને પર્યાવરણ,આરોગ્ય, પંચાયત જેવા વિભાગોને લગતા કાર્યક્રમો બનાવે છે.

-વી. સી. ડી./ડીવીડી/ બનાવી પ્રાથમિક શાળાઓ / CRC સુધી પહોંચાડે છે.

-શિક્ષણ ની ગુણવત્તા સુધારણાના હેતુસર રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમો બનાવે છે.

(A) GCERT
(B) GIET
(C) IITE
(D) KCG

186. ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલન અધિનિયમ 2006 અનુસાર શૈક્ષણિક સંસ્થાની વ્યાખ્યામાં નીચે પૈકી કોનો સમાવેશ થતો નથી?

(A) સ્વનિર્ભર શાળા
(B) અનુદાનિત કોલેજ
(C) આઈ. ટી .આઈ
(D) પ્રાથમિક શાળા

187. નીચે પૈકી કયા વિધાન/વિધાનો ખરા છે?

વિધાન P : જરૂર જણાય તો ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલ રાજ્ય સરકારને નોટિસ આપી બોલાવી શકે છે.

વિધાન Q : ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલ સમક્ષ ચાલી રહેલ કોઈ કેસમાં રાજ્ય સરકાર વિનંતી કરે કે કાયદાના પ્રશ્ન અને જાહેરહિત માટે તેને સાંભળવા જોઈએ તો રાજ્ય સરકારને સાંભળ્યા વગર ટ્રીબ્યુનલ કેસનો ચૂકાદો ન આપી શકે.

વિધાન R : ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલનો કોઈ પણ સભ્ય એકંદર પાંચ વર્ષ કરતાં વધુ સેવા ન બજાવી શકે.

(A) P અને R
(B) Q અને R
(C) P અને Q
(D) P, Q અને R તમામ

188. ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલ અધિનિયમ 2006 અસ્તિત્વમાં આવતા મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમ/કલમો નાબૂદ થઈ?

(A) 40 ખ(5) ના સ્પષ્ટીકરણ નો ખંડ ગ, 40-ચ, 40 છ અને 40 જ

(B) 40 ખ(5) ના સ્પષ્ટીકરણ નો ખંડ ક, ખ અને ગ તથા કલમ 40 જ

(C) 40 ખ (1), (2), (3), 40-ચ અને 40-ઝ

(D) 40-ક (1), (2), (3), 40-ખ અને 40-ઘ

189. કેટલાક કારણોસર ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલ પોતાના હુકમની સમીક્ષા કરી સુધારા હુકમ કરી શકે છે, પોતાના હુકમની તારીખથી વધુમાં વધુ કેટલા સમયની મર્યાદામાં આ સમીક્ષા કરી શકાય?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) 1 વર્ષ
(D) 2 વર્ષ

190. જિલ્લા ન્યાયાધીશ તરીકે અથવા ગુજરાત સરકારના સચિવ તરીકે ઓછામાં ઓછા કેટલા વર્ષ તરીકે સેવા આપી હોય તેવી વ્યક્તિ ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રીબ્યુનલના સભ્ય પદે નિમાઈ શકે?

(A) 2 વર્ષ
(B) 3 વર્ષ
(C) 4 વર્ષ
(D) 5 વર્ષ

191. સામાન્ય ભવિષ્યનિધિ અંતર્ગત ફંડમાં જોડાતા અધિકારી/કર્મચારી એ કયા નમૂનામાં નામનિયુક્તિ (nomination) કરવાની હોય છે ?

(A) પરિશિષ્ટ-ખ
(B) પરિશિષ્ટ-ક
(C) 10-ગ
(D) નમૂનો – 1

192. નીચે આપેલ પ્રસંગો પૈકી કયા કિસ્સામાં સામાન્ય ભવિષ્યનિધિ ફંડમાં થી પેશગી મળી શકે નહીં.

(A) પોતાના લગ્ન પ્રસંગ માટે
(B) આશ્રિત હોય તેવા ભત્રીજા ના ભારત બહાર ત્રણ વર્ષના ટેકનિકલ અભ્યાસ માટે
(C) પત્ની ડોમેસ્ટિક વાયોલન્સ અંગે કેસ દાખલ કર્યો હોય તો બચાવ માટે કાનૂની ખર્ચ સારું
(D) આશ્રિત હોય તેવા પિતાની બીમારીની સારવાર હેતુ .

193. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોના નિયમ 10(1) માં જોગવાઈ હતીકે બચતદાર મહત્તમ પોતાના મળતરથી વધુ ન હોય તેટલી રકમ ફંડ માં કપાવી શકે છે, નાણાં વિભાગના 20-9-2014 ના ઠરાવથી કરાયેલ સુધારા મુજબ મહત્તમ કપાતની રકમ કેટલી છે?

(A) મળતર ની રકમના 10%
(B) મળતર ની રકમના 25%
(C) મળતર ની રકમના 50%
(D) મળતર ની રકમના 2/3

194. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અનુસાર કર્મચારીના સંતાનો માટે ભારતમાં હાઈસ્કૂલ પછીના અનુસૂચિ 6 માં જણાવ્યા મુજબના તબીબી,ટેકનિકલ અને અન્ય અભ્યાસક્રમ માટે ફંડમાં બચત ના 75% અથવા 1,50,000 રૂ બે માંથી જે ઓછું હોય તેટલી રકમ ઉપાડ કરવાની જોગવાઈ નિયમ 15 (ક)(2) માં છે , આ માટે કર્મચારીની નોકરી કેટલા વર્ષની હોવી આવશ્યક છે?

(A) 5 વર્ષ
(B) 10 વર્ષ
(C) 15 વર્ષ
(D) ગમે તેટલા વર્ષ

195. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અનુસાર આઠમી અનુસૂચિ કઈ બાબત માટે છે?

(A) પ્રોવિડન્ટ ફંડમાં થી આખરી ઉપાડની અરજીનો નમૂનો
(B) પ્રોવિડન્ટ ફંડમાં થી પેશગીની મંજૂરીનો નમૂનો
(C) રાજ્યપાલે કરવાના ફરી એસાઈનમેન્ટનો નમૂનો
(D) હંગામી પેશગી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીઓની વિગત

196. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અનુસાર કર્મચારી/અધિકારીને વિવિધ હેતુઓ માટે પેશગી આપવાની જોગવાઈ છે. ત્રણ માસના પગાર કરતાં વધારે રકમની પેશગી ખાસ કિસ્સામાં મંજૂર કરનાર અધિકારી વધુ માં વધુ કેટલા હપ્તામાં આ પેશગી વસૂલ કરવાનું નક્કી કરી શકે?

(A) 12
(B) 26
(C) 36
(D) 48

197. નવી વર્ધિત પેન્શન યોજના ના 18-3-2005 ના મૂળ ઠરાવ અનુસાર આ યોજનામાં જોડાયેલ કર્મચારીના વયનિવૃત્તી સમયે ઉપલબ્ધ ફંડમાંથી 40 ટકા રકમ તેણે નીચે પૈકીની કઈ યોજનામાં ફરજીયાત રોકાણ કરવાની રહેશે?

(A) IRDA માન્ય કોઈ પણ જીવન વીમા યોજના
(B) LIC ની જીવન વીમા યોજના
(C) PPF
(D) ELSS

198. નવી વર્ધિત પેન્શન યોજનાને અનુલક્ષીને આ યોજનામાં જોડાયેલ કર્મચારીના વખતોવખતની લેણી રકમ માટે કયું વિધાન પૂર્ણતઃ સાચું છે?

(A) કર્મચારી જૂથ 1 અથવા જૂથ 2 પૈકી કોઈપણ સગાની નિયુક્તિ કરી શકેછે.
(B) જૂથ 1 પૈકી કુટુંબનો કોઈ સભ્ય ન હોય તો જ જૂથ 2 પૈકી કોઈની નિયુક્તિ કરી શકે.
(C) જૂથ 1 પૈકી કુટુંબનો કોઈ સભ્ય ન હોય અને જૂથ 2 પૈકી કોઈની નિયુક્તિ કરવાની ઈચ્છા ન હોય તો અન્ય વ્યક્તિની નિયુક્તિ કરી શકેછે.
(D) નિવૃત્તિ સમયે નિયુક્તિમાં ફેરફાર થઈ શકતો નથી .

199. નવી વર્ધિત પેન્શન યોજનાને અનુલક્ષીને કર્મચારીને ફાળવેલ કાયમી ખાતા નંબર 2014008051543221 છે . આ કર્મચારીના વિભાગના વડાનો કોડ શું હશે?

(A) 201
(B) 805
(C) 154
(D) 051

200. નવી વર્ધિત પેન્શન યોજના હેઠળનો કર્મચારી વય નિવૃત્તિ અગાઉ સ્તર 1 ની યોજનામાંથી કઈ શરતે નીકળી શકે ?

(A) પેન્શન સંપત્તિ માંથી 80% રકમનું રોકાણ વાર્ષિકી (Annuity) યોજના માં કરવાની શરતે.
(B) પેન્શન સંપત્તિ માંથી 40% રકમનું રોકાણ વાર્ષિકી (Annuity) યોજના માં કરવાની શરતે.
(C) પેન્શન સંપત્તિ માંથી 60% રકમનું રોકાણ વાર્ષિકી (Annuity) યોજના માં કરવાની શરતે.
(D) વય નિવૃત્તિ અગાઉ અવસાન સિવાયના કેસમાં આ યોજનામાંથી નીકળી ન શકે.

201. જાહેર માહિતી અધિકારના સંદર્ભમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અપીલ અધિકારી તરીકે બોર્ડના સચિવે કરેલ અપીલ આદેશથી નારાજ થયેલ વ્યક્તિએ બીજી અપીલ કોને કરવાની રહે છે?

(A) બોર્ડના નાયબ અધ્યક્ષને
(B) રાજ્ય માહિતી કમિશ્નરને
(C) બોર્ડના અધ્યક્ષને
(D) ગુજરાત હાઈકોર્ટ માં રીટ પિટિશન

202. જાહેર માહિતી અધિકાર અધિનિયમ- 2005 અનુસાર ત્રાહિત પક્ષકારને રજૂઆત કરવાની નોટિસ આપવામાં આવી હોય ત્યારે ત્રાહિત પક્ષકારને કેટલા દિવસ ની અંદર રજૂઆત કરવાની તક આપવાની હોય છે?

(A) 7
(B) 10
(C) 15
(D) 30

203. રાજ્ય માહિતી કમિશન માં મુખ્ય માહિતી કમિશ્નર ઉપરાંત વધુમાં વધુ કેટલા રાજ્ય માહિતી કમિશ્નરો નીમી શકાય?

(A) 10
(B) 7
(C) 5
(D) 3

204. અપીલ સત્તાધિકારીના માહિતી આપવા કે ન આપવા અંગેના નિર્ણય વિરુધ્ધ રાજ્ય માહિતી કમિશ્નર ને ''બીજી અપીલ'' આદેશ મળ્યાની તારીખથી કેટલા દિવસમાં કરવાની હોય છે?

(A) 30
(B) 45
(C) 60
(D) 90

205. જાહેર માહિતી અધિનિયમ ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી પંચ જાહેર માહિતી અધિકારીને વધુમાં વધુ કેટલો દંડ કરી શકે?

(A) રૂ 10,000
(B) રૂ 20,000
(C) રૂ 25,000
(D) અસીમીત

206. નીચે પૈકીનું કયું વિધાન જાહેર માહિતી અધિનિયમ 2005 નો ઉદ્દેશ સચોટ રીતે વ્યકત કરે છે ?

(A) આ અધિનિયમનો હેતુ ન્યાયની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે.
(B) આ અધિનિયમનો ઉદ્દેશ જાહેર વહીવટમાં વિલંબ નિવારવાનો છે.
(C) આ અધિનિયમનો હેતુ જાહેર વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી લાવવાનો છે.
(D) આ અધિનિયમનો ઉદ્દેશ કર્મચારીઓના કામનું ભારણ ઘટાડવાનો છે.

207. દરેક જાહેર સત્તામંડળે જાહેર માહિતી અધિનિયમ ની જોગવાઈ મુજબ પ્રો એક્ટિવ ડિસ્કલોસરની માહિતી દરવર્ષે અધ્યતન કરવાની હોય છે. ખાતાના વડાએ કઈ તારીખ સુધીમાં આ અંગેનું પ્રમાણપત્ર સંબંધીત વહીવટી વિભાગને મોકલવાનું હોય છે?

(A) 1 જાન્યુઆરી
(B) 31 માર્ચ
(C) 15 એપ્રિલ
(D) 15 જુલાઈ

208. નીચે પૈકીનાં કયા સંજોગોમાં જાહેરમાહિતી અધિકારીએ માહિતી પૂરી પાડવાની વિનંતીનો અસ્વીકાર કર્યો હોય તો તે યોગ્ય ગણાશે?

P : અરજીમાં માહિતી શા માટે જોઈએ છે તેના કારણો જણાવ્યા ના હોય.

Q : માહિતી આપવાથી કોઈ વ્યક્તિ પાસે રહેલ કોપીરાઈટ નો ભંગ થતો હોય.

R : 20 વર્ષ અગાઉ બની ગયેલ કોઈ ઘટના કે બાબત સંબંધી માહિતી હોય.

S : વિદેશી રાષ્ટ્ર સાથેના સંબંધોને પ્રતિકૂળ અસર થાય તેવી માહિતી માગવામાં આવી હોય

(A) માત્ર S
(B) માત્ર Q અને S
(C) P, Q અને R
(D) P, Q, R, S બધા જ

209. જાહેર સત્તામંડળે જાહેર માહિતી અધિનિયમ ની જોગવાઈ મુજબ રેકર્ડના નિરીક્ષણ માટે પ્રથમ અડધા કલાક માટે કેટલી ફી વસૂલ લેવાની હોય છે?

(A) શૂન્ય
(B) રૂ 10
(C) રૂ 20
(D) રૂ 30

210. રાજ્ય માહિતી કમિશ્નર વધુમાં વધુ કેટલી વય સુધી હોદ્દો ધારણ કરી શકે છે?

(A) 60 વર્ષ
(B) 65 વર્ષ
(C) 68 વર્ષ
(D) 70 વર્ષ

211. માહિતી અધિકાર અધિનિયમની કલમ 24 અંતર્ગત ભ્રષ્ટાચાર અને માનવ અધિકારના ઉલ્લંઘન ને લગતી માહિતી જાહેર માહિતી અધિકારી કેટલા દિવસની મર્યાદામાં આપવાની હોય છે?

(A) 30 દિવસ
(B) 60 દિવસ
(C) 45 દિવસ
(D) કેન્દ્રીય માહિતી પંચ ની મંજૂરી મળ્યાના 15 દિવસમાં

212. કોઈ અરજદાર માહિતી મેળવવા એક જાહેર સત્તાતંત્રને અરજી કરેછે જેમાંની અમુક માહિતી તે તંત્ર પાસે ઉપલબ્ધ છે અને બાકીની માહિતી એક કરતાં વધુ જાહેર સત્તાતંત્રો વચ્ચે વહેંચાયેલી છે તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારીનું કયું પગલું યોગ્ય છે?

(A) કારણોની નોંધ કરી અરજદારની અરજી દફતરે કરેછે.
(B) પોતાને લગતી માહિતી આપી બાકીના સત્તાતંત્રોને અલગ અલગ અરજી કરવા જણાવેછે.
(C) પોતાને લગતી માહિતી આપી બાકીના સત્તાતંત્રોને અરજીની નકલ મોકલી અરજદારને તેની જાણ કરે છે.
(D) અરજદારને અરજી પરત મોકલી તમામ સત્તા તંત્રોને અલગ અલગ અરજી કરવા જણાવે છે.

213. માહિતી મેળવવા એક જાહેર સત્તાતંત્રને કરાયેલ અરજી નીચે પૈકીની કઈ બાબત સારું જાહેર માહિતી અધિકારી તેમના તાબાના અધિકારી/સ્ટાફને મોકલી અરજદારને બરોબર જવાબ આપવા જણાવી શકેછે?

(A) માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું અરજદારને જણાવવા બાબત
(B) માહિતી એકત્ર કરવામાં 30 દિવસ કરતાં વધુ સમય જશે તેવું અરજદારને જણાવવા બાબત
(C) માહિતી મેળવવા સારું જરૂરી નકલ ફી અંગે અરજદારને જણાવવા બાબત
(D) બીજા જાહેર સત્તામંડળ ને અરજી તબદીલ કરવાની રહેતી હોઈ આગળની કાર્યવાહી કરવા બાબત

214. શિક્ષણની સમય સમયની જરૂરીયાતો મુજબ નૂતન પ્રવાહો આકાર લેતા હોય છે, નીચે પૈકીનો કયો નૂતન પ્રવાહ સંશોધન આધારિત (research based) ગણી શકાય?

(A) માઈક્રોટીચિંગ
(B) પત્રાચાર શિક્ષણ
(C) ઈ-લર્નિંગ
(D) ઓપનસ્કૂલ

215. વર્ષ 2021 માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 માં કઈ બાબતે મહત્વનો સુધારો કરવામાં આવ્યો?

(A) કલમ 35, જે લઘુમતી સંસ્થાઓને લાગુ પડતી ન હતી, તે લાગુ પાડવામાં આવી.

(B) કલમ 3 માં સુધારો કરી બોર્ડમાં ચૂંટાયેલ પ્રતિનિધિઓની સંખ્યા ઘટાડવામાં આવી.

(C) ટ્રીબ્યુનલ અંગેની કલમ 39 રદ કરવામાં આવી.

(D) કલમ 19, અધ્યક્ષની સત્તામાં ફેરફાર કરવામાં આવ્યા.

216. સર્વ શિક્ષા અભિયાન (SSA)નો મૂળ ઉદ્દેશ શું છે?

(A) આદિજાતિ બહુલ વિસ્તારોમાં આશ્રમ શાળાઓની સ્થાપના કરી તેઓનો ડ્રોપ રેટ ઘટાડવો.

(B) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ

(C) માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા

(D) પ્રાથમિક શિક્ષકોની ક્ષમતાનો વિકાસ (capacity building)

217. શિક્ષણ નીતિ 2020 માં શાળાકીય શિક્ષણમાં "અભ્યાસક્રમ કન્ટેન્ટ" ઘટાડવા જણાવાયેલ છે. કયા હેતુ માટે આવું સૂચવાયેલ છે?

(A) વિદ્યાર્થીના દફતરનું વજન ઘટાડી ભાર વિનાનું ભણતર સાર્થક કરવા સારું

(B) શિક્ષકોને ઘનિષ્ઠ તાલીમ આપી સક્ષમ બનાવી શકાય તે સારું

(C) મૂલ્યશિક્ષણમાં વધુ સમય ફાળવી ચારિત્ર્યવાન નાગરિક ઘડી શકાય તે સારું

(D) અધ્યેતા ની વિવેકાત્મક વિચારણા શક્તિ ખીલે, તેને ચર્ચા, પ્રશ્નોત્તરી, વિશ્લેષણ આધારિત સર્વાંગી શિક્ષણ માટે અવકાશ મળે તે સારું

218. ભાષા શિક્ષણ ને લગતા નીચે મુજબ ના સૂચનો કોણે આપેલ છે/ શેમાં રજૂ થયેલ છે ?

- સંસ્કૃત જેવી શાસ્ત્રીય ભાષા ધોરણ 8 પહેલા ન શીખવવી
- એક જ ધોરણમાં એક સાથે બે નવી ભાષા ન શીખવવી
- અંગ્રેજી ભાષાનું શિક્ષણ ધોરણ 5 પહેલા શરૂ ન કરવામાં આવે.

(A) નવી શિક્ષણ નીતિ 2020

(B) કોઠારી કમિશન

(C) નોલેજ કમિશન (જ્ઞાન આયોગ)

(D) શિક્ષણ નીતિ 1986

219. બદલી પામેલ કર્મચારીને નવા સ્થળે સરકારી મકાન પ્રાપ્ત ન થાય કે તે ભાડાનું મકાન પણ ન રાખે અને તેનું કુટુંબ જુના સ્થળેજ રહે તો વધુમાં વધુ કેટલા સમય સુધી તે ઘરભાડા ભથ્થું આકરી શકે?

(A) 1 માસ (B) 3 માસ

(C) 6 માસ (D) 1 વર્ષ

220. નીચે પૈકી કયું વિધાન સાચું નથી?

(A) પરણિત મહિલા કર્મચારી તેના પતિ સાથે રહેતી હોય અને ભાડે રાખેલ મકાનનું ઘરભાડું તેના પતિ ભરતા હોય તો તેણી ઘરભાડા ભથ્થાને પાત્ર થશે નહીં.

(B) કર્મચારી 180 દિવસ સુધીની રજા પર જતાં અગાઉ જે દરે ઘરભાડા ભથ્થું મેળવતો હોય તે દરે તે ભથ્થાં રજા દરમ્યાન પણ મેળવવાને હક્કદાર રહેશે.

(C) મંજૂર કરાયેલ રજા પૂરી થતાં કર્મચારી ફરજ પર હાજર ન થાય અને રાજીનામું આપે તો સમગ્ર રજા ના ગાળા માટે તે ઘરભાડા ભથ્થું મેળવવા ને પાત્ર રહેશે નહીં.

(D) કર્મચારી રજા મંજૂર કરાવીને રજા પર ગયો હોય પણ રજા દરમ્યાન આવેલ અશક્તતા ને કારણે રજા પરથી નોકરી પર પાછા ન ફરે તેવા કિસ્સામાં રજા ના ગાળા માટે ચૂકવાયેલ ઘરભાડા ભથ્થું વસૂલાત કરવાની આવશ્યકતા નથી.

221. શ્રી એ. કે. શર્મા બદલી થઈ વડોદરા મુકામે ડી. ઈ. ઓ . કચેરી માં હાજર થયા છે, રહેઠાણની વ્યવસ્થા થાય ત્યાં સુધી તેઓ મહાનગરપાલિકા સંચાલિત પથિકાશ્રમમાં રહે છે, તેઓ પગારમાં ઘરભાડા ભથ્થું આકારી શકે?

(A) હા

(B) ના

(C) 50% દરે આકારી શકે.

(D) પથિકાશ્રમનું ભાડું કોમર્શિયલ દરે ભરવાની શરતે આકારી શકે.

222. પતિ અને પત્ની બન્ને સરકારી કર્મચારી છે અને પત્નીની માલિકીના મકાનમાં રહેછે, ઘરભાડા ભથ્થાં અંગે કોણ પાત્રતા ધરાવેછે?

(A) બન્ને

(B) માત્ર પત્ની

(C) માત્ર પતિ

(D) પત્ની પૂર્ણ રૂપે જ્યારે પતિ આંશિક

223. મનોજભાઈને ફાળવવામાં આવેલ સરકારી નિવાસમાં તેમની સાથે અન્ય ત્રણ કર્મચારીઓ અશોક, કરણ અને ચતુર રહે છે, ઘરભાડા ભથ્થાં અંગે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) મનોજભાઈ, અશોક, કરણ, ચતુર કોઈ ને પણ ઘરભાડા ભથ્થું ન મળે.

(B) અશોક, કરણ અને ચતુર ને ઘરભાડા ભથ્થું મળે.

(C) મનોજભાઈની પસંદગી મુજબ અશોક, કરણ અને ચતુર પૈકી કોઈ એક ને ઘરભાડા ભથ્થું મળે.

(D) અશોક, કરણ અને ચતુર પૈકી કોઈ બે ને ઘરભાડા ભથ્થું મળે.

224. આઠ વર્ષ અને છ માસ ની પેન્શનપાત્ર નોકરી કરનાર કર્મચારી ચાલુ નોકરી એ અવસાન પામે તો તેને મૃત્યુસહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટી ની કેટલી રકમ મળી શકે?

(A) પેન્શનપાત્ર નોકરીના પૂર્ણ કરેલ વર્ષ દીઠ ½ માસનો પગાર

(B) બે માસનો પગાર

(C) ચાર માસનો પગાર

(D) બાર માસનો પગાર

225. નીચે આપેલ ત્રણ કેસ અંગે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

કેસ 1 : રમેશભાઈને ફાળવેલ ભાડા મુક્ત મકાનમાં તેમની સાથે રહેતા મહેશભાઈને ઘરભાડા ભથ્થુ મળે?

કેસ 2 : રેખાબેન રાજ્ય સરકારના કર્મચારી છે તેઓ તેમના પિતા જે સ્ટેટ બેન્ક માં ફરજ બજાવે છે અને જેઓને બેન્ક દ્વારા મકાન ફાળવેલ છે તેમની સાથે રહે છે તેઓને ઘરભાડા ભથ્થુ મળે?

કેસ 3 : કર્મચારી રાજુભાઈ, પોતે ભાડે રાખેલ ખાનગી મકાન માં રહે છે, તેમનો મિત્ર કિશોર સરકારી કર્મચરીછે તે પણ સાથે રહે છે અને આંશિક ભાડું ભરે છે, કિશોરભાઈને ઘરભાડા ભથ્થુ મળે?

| વિકલ્પ | કેસ 1. | કેસ 2. | કેસ 3 |
|---|---|---|---|
| (A) | ના | હા | હા |
| (B) | હા | ના | હા |
| (C) | હા | ના | ના |
| (D) | ના | ના | હા |

226. નીચે પૈકી કયા પ્રકારનું પેન્શન મેળવનાર, તબીબી તપાસ વગર પેન્શનના હિસ્સાનું રોકડમાં રૂપાંતર કરાવવા હક્કદાર નથી?

(A) વયનિવૃતી પેન્શન

(B) નિયમ 65 મુજબનું વળતર પેન્શન

(C) કામચલાઉ પેન્શન

(D) નિયમ 51 મુજબ જાહેર વિભાગ ઉપક્રમમાં સમાવિષ્ટ થતો માસિક પેન્શન

227. માનસિક અથવા શારીરિક દુર્બળતાને કારણે નિવૃત્તિ વયે પહોંચતા અગાઉ નિવૃત્ત થવાની માગણી કરનાર કર્મચારી એ ઓછામાં ઓછી કેટલા વર્ષની પેન્શન પાત્ર સેવા બજાવેલ હોવી જોઈએ?

(A) 5 વર્ષ
(B) 10 વર્ષ
(C) 15 વર્ષ
(D) 20 વર્ષ

228. માનસિક અથવા શારીરિક દુર્બળતાને કારણે નિવૃત્તિ વયે પહોંચતા અગાઉ નિવૃત્ત થનાર કર્મચારીને આપતું પેન્શન કયા નામે ઓળખાય છે?

(A) અશક્તતા પેન્શન
(B) વળતર પેન્શન
(C) ઘા/ઈજા પેન્શન
(D) રહેમિયત પેન્શન

229. કેટલા વર્ષ ની પેન્શનપાત્ર નોકરી પૂર્ણ થઈ હોય તો અશકતતા પેન્શન મંજૂર થઈ શકે?

(A) ત્રણ વર્ષ
(B) પાંચ વર્ષ
(C) સાત વર્ષ
(D) 10વર્ષ

230. નોકરીમાં દાખલ થતાં વેળા 35 વર્ષ કરતાં ઓછી વય હોય તેવો રાજ્ય પત્રિત અધિકારી ત્રણ માસની નોટિસ આપી સ્વૈચ્છિક નિવૃત્તિની માગણી કરી શકે છે પણ આ માટે નીચે પૈકી બીજી કઈ શરત સંતોષાતી હોવી જોઈ એ.

(A) તેની વય 55 વર્ષ કરતાં વધુ હોવી જોઈએ
(B) તેની નોકરી 15 વર્ષ કરતાં વધુ હોવી જોઈએ
(C) તેની વય 50 વર્ષ કરતાં વધુ હોવી જોઈએ
(D) તેની નોકરી 20 વર્ષ કરતાં વધુ હોવી જોઈએ

231. કઈ તારીખ અને તે બાદ નિમણૂક પામેલ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો 2002 લાગુ પડતાં નથી?

(A) 1-10-1988
(B) 1-4-2005
(C) 1-1-2005
(D) 1-1-2006

232. વર્ગ 4 ના કર્મચારીના કિસ્સામાં સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો મેળવણી કરવાની પ્રાથમિક જવાબદારી કોની છે ?

(A) ઉપાડ અને વહેંચણી અધિકારી
(B) વહીવટી અધિકારી
(C) હિસાબી અધિકારી
(D) કચેરીના વડા

233. કર્મચારી સુશ્રી તારાબહેન ગ્રેજ્યુઈટી મેળવે તે પહેલા ગુજરી જાય છે. તેમના બહેન આશાબેનનું નામ નિયુક્ત થયેલ હતું પણ તેઓ પણ હયાત નથી હાલ તેમના કુટુંબ માં નીચે જણાવ્યા મુજબના સભ્યો હયાત છે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન ) નિયમો 2002 અનુસાર ગ્રેજ્યુઈટીની રકમ કોને કેટલા પ્રમાણ માં મળે?.

| | | |
|---|---|---|
| હયાત સભ્યો : | સોનલ - અપરિણીત બહેન, | 21 વર્ષ |
| | જમના બેન- માતા, | 69 વર્ષ |
| | રમણ – સગીર ભાઈ, | 16 વર્ષ |
| | આશા -વિધવા બહેન, | ઉ. વ. 36 |

(A) સોનલ અને જમના બેન દરેક ને 50%
(B) જમના બેન ને 100%
(C) સોનલ, જમનાબેન,રમણ, અને આશા દરેકને 25%
(D) સોનલ,જમના બેન અને આશા દરેકને 33 1/3%

234. શરીરમાં આંખ સિવાયની કોઈ ખોડને કારણે ઉમેદવારને સરકારી નોકરી માટે અમાન્ય ઠરાવેલ હોય ત્યારે ઉમેદવારની કાર્યક્ષમતામાં અવરોધ ન બને એવી અશક્તતા અંગે છૂટછાટ આપવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડા
(B) મેડિકલ બોર્ડના અધ્યક્ષ
(C) નિયામક, જાહેર આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ
(D) સચિવ, આરોગ્ય વિભાગ

235. સેવાપોથીમાં નીચે પૈકીની કઈ બાબત/બાબતોની નોંધ રાખવામાં આવતી નથી?

P : હક્કરજા
Q : પ્રાસંગિક રજા
R : ચારિત્ર્ય પ્રમાણપત્ર
S : તબીબી યોગ્યતા પ્રમાણપત્ર

(A) માત્ર R
(B) Q અને S
(C) Q, R અને S
(D) Q અને R

236. નોકરીની સામાન્ય શરતો અનુસાર નોકરીમાંથી છૂટા થવા અંગેની નોટિસ પરત્વે લેવાયેલ નિર્ણયની સરકાર સમીક્ષા કરીને કેસ પુનઃજીવિત કરી શકે છે. આ માટે નોટિસની તારીખથી કેટલા સમયમાં નિર્ણય કરવાનો હોય છે?

(A) એક માસ
(B) બે માસ
(C) ત્રણ માસ
(D) છ માસ

237. નીચે પૈકીનાં કયા સંજોગોમાં સરકારી કર્મચારીની ઓછા પગાર ધરાવતી જગા પર બદલી કરી શકાયઃ-

P : કાર્યક્ષમતા ના અભાવ ના કારણે

Q : તેની લેખિત માગણીથી

R : તેના ધારણાધિકાર વાળી જગા નાબૂદ થવાની અપેક્ષા હોય

(A) માત્ર Q
(B) માત્ર P
(C) P, Q અને R
(D) Q અને R

238. કર્મચારીના કાયમી પગારમાં, શિક્ષા સિવાયના કારણોસર થતાં કોઈ ઘટાડા ના લીધે થતાં નુકસાન ને સરભર કરવા અપાતો વધારો કયા નામે ઓળખાય છે?

(A) સંભાવી પગાર
(B) ખાસ પગાર
(C) વળતર પગાર
(D) અંગત પગાર

239. કાયમી જગ્યા પર નિમણૂક પામતા કર્મચારી એ કેટલા સમય સુધીમાં તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે?

(A) 6 માસ
(B) 3 માસ
(C) 9 માસ
(D) 1 વર્ષ

240. મુલ્કી સેવા નિયમો 2002 અંતર્ગત નોકરીની સામાન્ય શરતોની મૂળભૂત જોગવાઈ મુજબ મહત્તમ કેટલી વય ધરાવનાર વ્યક્તિ સરકારી નોકરીને પાત્ર ઠરેછે ?

(A) 25 વર્ષ
(B) 28 વર્ષ
(C) 30 વર્ષ
(D) 33 વર્ષ

241. સરકારી કર્મચારીને પાયરી ઉતારની શિક્ષા કરી હોય તે આદેશના કેટલા સમયસુધી તેની જગા કાયમી ધોરણે ભરી ન શકાય?

(A) ત્રણ વર્ષ
(B) બે વર્ષ
(C) એક વર્ષ
(D) આવી કોઈ જોગવાઈ નથી.

242. ફરજ મોકૂફીના આદેશની તારીખથી કેટલા દિવસમાં શિસ્ત વિષયક કાર્યવાહી શરૂ ન થઈ હોય તો આવી ફરજ મોકૂફી અમાન્ય ગણાય?

(A) 90
(B) 60
(C) 45
(D) 30

243. ફરજ મોકૂફી પર હોય તેવા કર્મચારીના નિર્વાહભથ્થાંમાંથી તેની સંમતિ વગર કઈ કપાત કરી શકાય નહીં?

(A) સરકારને થયેલ નુકસાનની ભરપાઈ

(B) મકાન ભાડું

(C) આવક વેરો

(D) સામાન્ય ભવિષ્યનિધિમાંથી ઉપાડેલ પેશગીની વસૂલાત

244. રાજ્યેતર સેવા બાબતે કયું વિધાન ખરું નથી?

(A) રાજ્યેતર સેવામાં ફરજ બજાવતો કર્મચારી મૂળ ખાતામાં પરત ફરતા અગાઉ રજા પર હોય તો રજા પૂરી થયે મૂળ ખાતામાં હાજર થયા તારીખથી તે ફરજ પર ગણાશે.

(B) રાજ્યેતર સેવામાંના સરકારી કર્મચારીને સક્ષમ અધિકરી ગમે તે સમયે પાછો બોલાવી શકેછે.

(C) સરકારી કર્મચારી રાજ્યેતર સેવામાં હોય તે દરમ્યાન તેના પેન્શન ખર્ચ પેટેનો ફાળો રાજ્યના એકત્રિત ફંડમાં ભરવો જોઈએ.

(D) કર્મચારીને રાજ્યેતર સેવામાં નિવૃત્તિ વયની તારીખ પછી પણ ચાલુ રાખવામાં આવે તો તે નોકરી કેવળ ખાનગી નોકરીમાં ગણાશે.

245. સામાન્ય રીતે રાજ્યેતર સેવામાં પ્રતિનિયુક્તિની મુદત અધિકતમ કેટલા વર્ષની હોય છે?

(A) 2 વર્ષ
(B) 3 વર્ષ
(C) 4 વર્ષ
(D) 5 વર્ષ

246. બદલી થતાં ફરજપર જોડાવા માટે તૈયારી કરવા માટે કેટલા દિવસ મળે છે?

(A) 1
(B) 4
(C) 6
(D) 7

247. મળતર ની વ્યાખ્યામાં કોનો સમાવેશ થતો નથી?

(A) ઘા/ઈજા પેન્શન
(B) બેઝિક પગાર
(C) મુસાફરી ભથ્થું
(D) ગણવેશ ભથ્થું

248. ઈજાફા માટે ગણતરીમાં લેવામાં આવતી સેવામાં નીચે પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી?

(A) પ્રાપ્ત રજા

(B) તાલીમ/પ્રશિક્ષણ માં ગાળેલ સમય

(C) અસાધારણ રજા

(D) છ માસ સુધીની તબીબી કારણસર લીધેલ અસાધારણ રજા (અન્ય રજા મળવા પાત્ર ન હોય તે સંજોગોમાં )

249. વિધાનસભા સચિવાલયના કોઈ કર્મચારી/અધિકારીને ફરજ ના ભાગ રૂપે વારંવાર ક્ષેત્રાધિકારની બહાર જવું પડતું હોય તો તે સ્થળે જવા દેવાની મંજૂરી આપવા માટે સક્ષમ સત્તાધિકારી કોણ છે?

(A) અધ્યક્ષ, વિધાનસભા
(B) સચિવ, વિધાનસભા
(C) કાયદા વિભાગના સચિવ
(D) સામાન્ય વહીવટ વિભાગના સચિવ

250. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો 2002 હેઠળ કોઈ કર્મચારી રાજ્ય સરકારની વર્ગ 3 ની જગા પર સીધી ભરતીથી નિમણૂક પામતા અગાઉ કેન્દ્ર સરકારની સેવામાં હોય તો તેને પગાર રક્ષણ નો લાભ મળે?

(A) ન મળી શકે

(B) 2 વર્ષ પછી મળી શકે

(C) નક્કી થયેલ અજમાયશી સામે પૂર્ણ થયા પછી મળે.

(D) પાંચ વર્ષ ફિક્સ પગારમાં કામગીરી કર્યા પછી મળી શકે.

251. એકજ કચેરીની કે ખાતાની બીજી ઉપલી કક્ષાની જગાનો વધારાનો હવાલો સંભાળવા બદલ મળતા ખાસ પગાર/વધારાના પગાર વધુ માં વધુ કેટલા સમય સુધી મંજૂર થઈ શકે?

(A) ત્રણ વર્ષ

(B) બે વર્ષ

(C) એક વર્ષ

(D) છ માસ

252. ઈજાફો મજૂર કરવાની સત્તા કોની છે?

(A) હિસાબી અધિકારી

(B) ઉપાડ અધિકારી

(C) કચેરીના વડા

(D) શિસ્ત અધિકારી

253. નીચે પૈકી કયું વિધાન ખરું છે?

(A) પ્રથમ બદલી વખતે નહીં ભોગવેલ મળવાપાત્ર ફરજ પર જોડાવાના સમયનો બીજો હપ્તો બીજી બદલી પ્રસંગે ભોગવી શકાય છે.

(B) બદલીના કારણે મળવાપાત્ર ફરજ પર જોડાવાના સમય છ માસ ના ગાળામાં વધુમાં વધુ બે હપ્તામાં ભોગવી શકાયછે.

(C) ફરજ પર જોડાવાના સમયમાં રવિવાર આવતો હોય તો દિવસની ગણતરીમાં તેનો સમાવેશ થઈ જાય છે.

(D) ફરજ પર જોડાવાના સમયમાં જાહેર રજા આવતી હોય તો દિવસની ગણતરીમાં તેનો સમાવેશ થતો નથી.

254. એક કર્મચારી અમદાવાદથી બદલી થઈ સુરત જવા સારું 31-1-2021 ના રોજ ક. સ. બાદ છુટ્ટો થાય છે, દરમ્યાન માં તા. 1-2-2021 થી તે 15 દિવસની પ્રાપ્ત રજા લે છે પ્રવાસનો દિવસ એક ગણતા મોડામાં મોડું કઈ તારીખે તેણે સુરત હાજર થવું પડે? (ફેબ્રુ 21 માં તા 7, 14, 21 એને 28 ના રોજ રવિવાર છે.)

(A) 24-2-21

(B) 23-2-21

(C) 16-2-21

(D) 22-2-21

255. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 ના કોઈ નિયમના અર્થઘટન અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય તો કોનો નિર્ણય/મંતવ્ય આખરી ગણાશે?

(A) રાજ્યના એડવોકેટ જનરલ

(B) સંબંધિત વહીવટી વિભાગ

(C) નાણાં વિભાગ

(D) સામાન્ય વહીવટ વિભાગ

256. એક કર્મચારીને ફરજીયાત નિવૃત્ત કરવાની શિક્ષા થયેલ છે. તેના ખાતે 7 કેજયુઅલ રજા, 315 પ્રાપ્ત રજા, 100 રૂપાંતરિત રજા જમા છે, ઉપરોક્ત પૈકી કઈ રજા મંજૂર કરી શકાય ?

(A) માત્ર રૂપાંતરિત રજા, મેડિકલ ગ્રાઉન્ડ આધારે

(B) પ્રાપ્ત રજા

(C) અસાધારણ રજા

(D) કોઈ પણ પ્રકારની રજા મંજૂર ન કરી શકાય .

257. મહિલા સરકારી કર્મચારી, જેને બાળક ન હોય અથવા એક બાળક હોય તેને ગર્ભપાત (MTP)ના કિસ્સા માં તબીબી પ્રમાણપત્ર અરજી સાથે સામેલ હોય તેવા પ્રસંગે વધુ માં વધુ કેટલી પ્રસૂતિ રજા મળી શકે?

(A) 30 દિવસ
(B) ત્રણ અઠવાડિયા
(C) 15 કામકાજના દિવસ
(D) 7 કામકાજના દિવસ

258. સરકારી કર્મચારીને વર્ષ દરમ્યાન કેટલી પ્રાપ્ત રજાઓ મળવા પાત્ર છે? આ રજાઓ તેના હિસાબમાં ક્યારે ઉમેરવામાં આવેછે?

(A) 15, દર વર્ષે પહેલી જાન્યુઆરી એ

(B) 15, દર વર્ષે પહેલી એપ્રીલ ના રોજ

(C) 30, દર વર્ષે પહેલી જાન્યુઆરી અને પહેલી જૂલાઈ ના રોજ 15 મુજબ

(D) 30, દર વર્ષે 30 જૂન અને 31 ડિસેમ્બરના રોજ

259. નીચે પૈકીનાં કયા કર્મચારીઓ રજાના હેતુ માટે વેકેશન ખાતાના કર્મચારી ગણાય?

(A) સરકારી કોલેજના ગ્રંથપાલ

(B) અનુદાનિત માધ્યમિક શાળાના પટાવાળા

(C) સરકારી આર્યુવેદીક કોલેજના શરીર વિજ્ઞાન વિષયના વ્યાખ્યાતા

(D) પોલીસ તાલીમ કોલેજના મદદનીશ પોલીસ અધીક્ષક

260. રજા પ્રવાસનું રોકડ માં રૂપાંતર સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધૂ કેટલા દિવસનું હોઈ શકે?

(A) 60
(B) 90
(C) 120
(D) 300

261. સામાન્ય રીતે ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002ની જોગવાઈ અનુસાર અભ્યાસ માટે એકી સાથે વધુ માં વધુ કેટલી રજા મંજૂર કરી શકાય?

(A) બે વર્ષ
(B) એક વર્ષ
(C) ત્રણ વર્ષ
(D) 9 માસ

262. સરકારી કર્મચારી અભ્યાસ રજા પરથી પરત આવ્યાના કેટલા સમયમાં રાજીનામું આપેતો તેણે રજા પગારની મેળવેલ રકમ જમા કરાવવી પડે ?

(A) ત્રણ વર્ષ
(B) ચાર વર્ષ
(C) પાંચ વર્ષ
(D) છ વર્ષ

263. કાયમી મુસાફરી ભથ્થાં સંદર્ભમાં કયા વિધાનો ખરા છે?

i. કાર્યક્ષેત્રમાં વ્યાપક મુસાફરી કરવી પડતી હોય તેવા કર્મચારીને આ ભથ્થું મળી શકે છે.

ii. ફરજના મુખ્યમથકે ગેરહાજર હોય તો પણ કાયમી મુસાફરી ભથ્થું મળી શકે છે.

iii. આખા વર્ષ દરમ્યાન આ ભથ્થું આકારી શકાય છે.

iv. કાયમી મુસાફરી ભથ્થું મેળવતા કર્મચારી કાર્યક્ષેત્ર બહારના પ્રવાસ માટે જુદું મુસાફરી ભથ્થું આકારી શકે છે.

(A) બધાજ
(B) માત્ર i, iii અને iv
(C) માત્ર i અને ii
(D) માત્ર i અને iv

264. નીચે પૈકીની કઈ મુસાફરીને ફરજ ગણવામાં આવેછે તથા તે માટે મુસાફરી કે રોકાણ ભથ્થું મળવાપાત્ર છે.

(A) બોઈઝ સ્કાઉટ તાલીમ શિબિર
(B) ગૃહરક્ષક દળની તાલીમ શિબિર
(C) NCC શિબિર
(D) ફરજીયાત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિતી

265. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો 2002 માં કરાયેલ વ્યાખ્યા મુજબ ‘‘ઉપલી સેવા’’ એટલે ..

(A) અખિલભારતીય સંવર્ગ હેઠળની સેવા
(B) ચોથા વર્ગની સેવા ન હોય તેવી કોઈપણ પ્રકારની સેવા
(C) વર્ગ 1 માં આવતી તમામ સેવાઓ
(D) રાજ્યપત્રિત સંવર્ગો માં સમાવિષ્ટ સેવાઓ

266. કાયદા વિભાગ હેઠળની મુદતી જગા તરીકે ઓળખાતી નાયબ સચિવની જગા કોઈ પણ વ્યક્તિ વધુમાં વધુ કેટલા સમય સુધી ધારણ કરી શકે?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 5 વર્ષ

267. પોતાના વાહન નો ઉપયોગ કરી કાર્યક્ષેત્રમાં વ્યાપક પ્રવાસ કરવાના હેતુસર વાહન ભથ્થું મેળવતા કર્મચારી એ સરેરાશ કેટલી મુસાફરી સરકારી કામ માટે કરવી આવશ્યક છે?

(A) માસિક 100 કિમી.
(B) માસિક 500 કિમી.
(C) માસિક 300 કિમી.
(D) માસિક 200 કિમી.

268. સરકારી કર્મચારીને પ્રવાસ દરમ્યાન રહેવા અને જમવાનું સરકારનો જેમાં હિત સંબંધ હોય તેવી સ્વાયત્ત યજમાન સંસ્થા દ્વારા મફત પૂરું પાડવામાં આવેતો તેને દૈનિક ભથ્થું કેટલું મળી શકે?

(A) પૂરેપૂરા દરે
(B) ન મળી શકે
(C) ¼ દરે
(D) ½ દરે

269. સરકારી કર્મચારીને મુખ્ય મથક બહારના સ્થળે જમવા તથા રહેવાની સગવડ ઉપલબ્ધ ન કરવામાં આવી હોય તેવી તાલીમના 91 થી 120 મા દિવસ દરમ્યાન કયા દરે દૈનિક ભથ્થું મળવાપાત્ર છે?

(A) પૂરેપૂરા દરે
(B) 50% ના દરે
(C) 2/3 દરે
(D) શૂન્ય

270. નિવૃત્તિ બાદ સરકારી કર્મચારી છેલ્લી નોકરીના સ્થળથી 20 કિમી કરતાં ઓછા અંતરે આવેલ સ્થળે સ્થાયી થાય તો સંયોજીત બદલી ભથ્થું મળી શકે? કેટલું?

(A) ન મળી શકે.
(B) હા, છેલ્લા મૂળ પગાર જેટલું.
(C) હા, છેલ્લા મૂળ પગારના 50% જેટલું.
(D) હા, છેલ્લા મૂળ પગારના 25% જેટલું.

271. ટપાલ શાખામાં કેટલા કાગળો સુધીની નોંધણી માટે એક કારકુન હોવો જોઈએ ?

(A) 309.
(B) 108
(C) 230.
(D) 390

272. કચેરીના નોંધણી વિભાગમાં દરેક દિવસની શરૂઆતમાં રજીસ્ટરના મથાળે કયા રંગની શાહીથી તારીખ લખવામાં આવે છે?

(A) કાળી સ્કેચ પેન
(B) લીલી
(C) લાલ
(D) વાદળી

273 કોઈ ખાનગી વ્યક્તિ તરફથી મળેલ કાગળમાં એક કરતાં વધુ વિષયોનો સમાવેશ થયો હોય તે સંજોગોમાં શી કાર્યવાહી કરવાની રહે છે?

(A) મોકલનારને પરત મોકલી વિષયવાર જુદું લખાણ કરવા જણાવવું.
(B) કાગળ પર રિમાર્ક લખી દફતરે કરવું.
(C) દરેક વિષયને લગતો ઉતારો કરી જે તે વિષયનું કામ કરતાં દફતર કારકુનને નિકાલ કરવા આપવું.
(D) મહત્તમ વિષયો આવરી લેતી શાખાને કાર્યવાહી કરવા મોકલવું.

274. મપ (ક) અને મપ(ખ) રજિસ્ટર માં કઈ બાબતની નોંધ કરવામાં આવેછે?

(A) કાયમી પરિપત્રો
(B) દફ્તરખાને મોકલવાના કાગળો.
(C) નિકાલ માટે રાહ જોવાના કાગળો.
(D) નિયત સમયાંતરે મોકલાતા પત્રકો.

275. એક દિવસમાં રવાના કરવાની કેટલી ટપાલો માટે એક કારકુન નું ધોરણ ‘‘કચેરી કાર્ય પધ્ધતિ ‘‘ માં નક્કી કરવામાં આવ્યું છે?

(A) 118
(B) 245
(C) 260
(D) 175

276. ''જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરી માટે આઉટ સોર્સથી વાહનચાલકની સેવાઓ લેવા મંજૂરી આપવા બાબત'' આ બાબતની ફાઈલને મથાળું, પેટા મથાળું અને વિષય વસ્તુ દર્શાવતું કયું શીર્ષક યોગ્ય ગણાશે?

| | મથાળું | પેટા મથાળું | વિષય વસ્તુ |
|---|---|---|---|
| (A) | આઉટ સોર્સથી સેવા | જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરી | વાહનચાલકની સેવાઓ મંજૂરી બાબત |
| (B) | જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરી | વાહનચાલકની સેવાઓ મંજૂરી | આઉટ સોર્સથી સેવા |
| (C) | વાહનચાલકની સેવાઓ મંજૂરી બાબત | જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરી | આઉટ સોર્સથી સેવા |
| (D) | આઉટ સોર્સથી સેવા | વાહનચાલકની સેવાઓ મંજૂરી બાબત | જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરી |

277. ફાઈલોનું વર્ગીકરણ થયા પછી દફતર કારકુને કઈ ફાઈલો દફ્તરદારને સોંપવાની હોતી નથી?

(A) ખ 1 વર્ગની
(B) ઘ વર્ગની
(C) ખ 2 વર્ગની
(D) ગ વર્ગની

278. કચેરી કાર્યપધ્ધતિ અનુસાર ફેરિસ્ત માં કઈ બાબતનો સમાવેશ થતો નથી.

(A) ગ વર્ગ ની ફાઈલો
(B) સર્કલ ઓફિસરની ડાયરી
(C) મ ૫ (ખ) રજિસ્ટર
(D) જુદા જુદા હિસાબો અંગેના કાગળો

279. 3-11-2001 ના રોજ બંધ કરવામાં આવેલ ખ- 1 વર્ગની ફાઈલ ક્યારે નાશ થવા માટે પાત્ર થશે?

(A) 3-11-2006
(B) 1-1-2007
(C) 1-1-2017
(D) 30-11-2016

280. કચેરી કાર્યપધ્ધતિ(બિન સચિવાલય)અનુસાર ટાઈપ વિભાગમાં કામનો ભરાવો અટકાવી શકાય તે માટે આ વિભાગે પોતાની પાસેના બાકી કામનો અહેવાલ કચેરીના વડાને ક્યારે ક્યારે આપવાનો હોય છે?

(A) દર શનિવારે
(B) દર સોમવારે
(C) દરેક માસના અંતિમ શનિવારે
(D) કચેરી કાર્યપધ્ધતિમાં આવી કોઈ જોગવાઈ નથી.

281. નીચે પૈકીનાં કયા લખાણો ત્રીજા પુરૂષમાં લખવામાં આવેછે.

i. અ. સ. પત્ર    ii. યાદી    iii. પરિપત્ર    iv. તાકીદ પત્ર    v. જાહેરનામું

(A) i, ii અને iii
(B) ii અને iii
(C) iii અને iv
(D) ii અને v

282. કચેરીના વડાએ કારકુનોના ટેબલના નિરીક્ષણ નો કાર્યક્રમ ગોઠવતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ ?

(A) વર્ષ દરમ્યાન બધા કારકુનોના ટેબલનું નિરીક્ષણ થઈ જાય
(B) દર છ માસે બધા કારકુનોના ટેબલનું નિરીક્ષણ થઈ જાય
(C) દર બે માસે બધા કારકુનોના ટેબલનું નિરીક્ષણ થઈ જાય
(D) દર ત્રણ માસે બધા કારકુનોના ટેબલનું નિરીક્ષણ થઈ જાય

283. વર્ગ 2 ના કર્મચારી એ નજીકના સગા પાસેથી કેટલા રૂપિયા સુધીની ભેટ મેળવેલ હોય તો સરકારશ્રી ને જાણ કરવાની આવશ્યકતા નથી.

(A) 500
(B) 1500
(C) 5000
(D) 4000

284. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1971ની જોગવાઈ અનુસાર કયા સંજોગોમાં એક પક્ષીય તપાસ થઈ શકે નહીં?

i. આક્ષેપિતને આરોપનામુ બજવાઈ ગયું હોય પણ વાજબી તક આપવા છતાં તે ગેરહાજર રહેતો હોય.

ii. આક્ષેપિતને આરોપનામુ બજવાઈ ગયું હોય પણ વાજબી તક આપવા છતાં બચાવનામું રજૂ ન કરતો હોય.

iii. આરોપનામુ બજવણી થયા વગર પરત આવ્યું હોય.

iv. આક્ષેપિતનો કોઈ પત્તો જ ન હોય અને તેથી તેને આરોપનામુ બજવી ના શકાયુ હોય .

(A) i અને ii
(B) iii અને iv
(C) માત્ર iv
(D) માત્ર iii

285. નીચે જણાવ્યા પૈકીનાં કયા સંજોગોમાં સરકારી કર્મચારી એ રાજ્યસેવા અને વર્તણૂક નિયમો 1971 નો ભંગ કર્યો છે તેમ ગણાશે?

i. ચૂંટણી ફરજ દરમ્યાન એક રાજકીય પક્ષનું પ્રતીક દર્શાવતી પેન નો ઉપયોગ કરે છે.

ii. સરકારશ્રીની મંજૂરી વગર વૈજ્ઞાનિક સંશોધનોને લગતી માહિતી સંપાદન કરતું પુસ્તક પ્રકાશિત કરે છે.

iii. કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ફાળવણી નીતિ બાબતે વર્તમાન પત્રની મંતવ્ય કૉલમ માં માં ટીકા કરે છે.

iv. સરકારની મંજૂરી વગર સેવાભાવી સંસ્થાની તપાસ સમિતિ સમક્ષ હાજર રહી પુરાવો આપે છે.

(A) માત્ર i અને iii
(B) માત્ર ii અને iii
(C) i, iii અને iv
(D) i થી iv તમામ

286. ''ઘણો જરૂરી'' તરીકે દર્શાવેલ કેસ શાખાએ કેટલા સમયમાં રજૂ કરવાનો રહે છે?

(A) 24 કલાક

(B) બે દિવસ

(C) ત્રણ દિવસ

(D) તાત્કાલિક

287. ટપાલમાં આવેલ કાગળો નોંધણી કારકુને શાખાઓમાં વહેંચણી કરવા માટે ''કચેરી કાર્યપધ્ધતિ''માં કયો સમય નિર્ધારીત થયેલ છે?

(A) સવારે 10-30, બપોરે 1-30 અને સાંજે 4-00

(B) સવારે 10-30, બપોરે 1-00, બપોરે 2-30 અને સાંજે 4-00

(C) સવારે 10-30, બપોરે 2-30 અને સાંજે 5-00

(D) સવારે 11-30, બપોરે 1-00, બપોરે 3-00 અને સાંજે 4-30

288. ખાતાકીય તપાસના કેસના સંજોગો અનુસાર આક્ષેપિત કર્મચારીને તેના બચાવ માટે વકીલ રોકવાની પરવાનગી આપવાની સત્તા કોણ ધરાવેછે?

(A) આક્ષેપિત કર્મચારીના શિસ્ત અધિકારી

(B) આક્ષેપિત કર્મચારીના કચેરીના વડા

(C) આક્ષેપિત કર્મચારીના ખાતાના વડા

(D) તપાસ અધિકારી

289. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1971 ના નિયમ 23 અનુસાર જે અધિકારીને શિક્ષાના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા છે તે અધિકારી જે તે કેસની પુનઃવિચારણા કરી શકે તે બાબતે કયું વિધાન સાચું છે?

(A) અપીલ અધિકારીને આવી કોઈ સત્તા નથી.

(B) શિક્ષાના હુકમ થી 6 માસ દરમ્યાન પુનઃવિચારણા કરી શકે.

(C) ગુજરાત જાહેર સેવા આયોગની પૂર્વમંજુરી મેળવ્યા બાદ જ પુનઃવિચારણા થઈ શકે.

(D) શિક્ષાના હુકમ થી 6 માસ દરમ્યાન પુનઃવિચારણા કરી શકે પરંતુ માત્ર રેકર્ડમાં કોઈ દેખીતી ભૂલ હોય કે કારકુની ક્ષતિ હોય તો જ આવું થઈ શકે.

290. કોઈ કર્મચારી રજા પર હોય અને તેને ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવે તો ફરજમોકૂફી ક્યારથી અમલી બને ?

(A) હુકમની તારીખથી ફરજમોકૂફી અમલી બને પણ નિર્વાહભથ્થું રજા પૂર્ણ થયા પછી થી મળે

(B) રજા પૂર્ણ થયા પછીથી ફરજમોકૂફી અમલી બને

(C) રજા પર જતાં અગાઉ છેલ્લે ફરજ બજાવેલ દિવસ પછીના તરતના દિવસથી અમલી બને

(D) હુકમની તારીખથી જ ફરજમોકૂફી અમલી બને, તેની બાકીની રજાઓ રદ થાય

291. ગુજરાત રાજ્યસેવા અને વર્તણૂક નિયમો 1971 અમલમાં આવ્યા પછી તેમાં વખતો વખત કેટલાક મહત્વના સુધારા થયા છે, આ સુધારાઓ જે વર્ષમાં લાગુ કરાયા તેને લગતું જોડકું પસંદ કરો

| | |
|---|---|
| a. નિયત સમયમાં અપેક્ષિત બજવણી સાથે કામ પૂરું કરવા બાબત | i. 2000 |
| b. મહિલાઓની જાતીય સતામણી બાબત | ii. 1988 |
| c. 14 વર્ષથી નાની વ્યક્તિને કામે ન રાખવા બાબત | iii. 2005 |
| d. જાણી બુઝીને વિલંબ તથા અવિવેકી વર્તનની બાબત | iv. 1999 |

(A) a - ii, b - iv, c - i, d - iii
(B) a - i, b - ii, c - iii, d - iv
(C) a - iii, b - iv, c - i, d - ii
(D) a - iv, b - iii, c - ii, d - i

292. તાર, રજિસ્ટર્ડ તથા વીમો ઉતરાવેલ કાગળની પહોંચ રવાનગી કારકુને કેટલા સમય સુધી જાળવી રાખવી ફરજિયાત છે?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) 1 વર્ષ

293. સરકારી કર્મચારી એ કેટલી રકમના શેર અને ઝવેરાત ખરીદ કર્યા હોય તો નિયત સત્તાધિકારીને ને તેની જાણ કરવાની રહે છે?

(A) પોતાના બેઝિક પગાર જેટલી રકમના
(B) પોતાના બેઝિક પગારના બે ગણા જેટલી રકમના
(C) ₹ 50,000
(D) ₹ 1,00,000

294. ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો 1971 ના નિયમ 19 ના સંદર્ભમાં વર્ગ - 3 ના કર્મચારી માટે નિયત સત્તાધિકારી કોણ છે ?

(A) ખાતાના વડા
(B) કચેરીના વડા
(C) સરકારના નાણાં વિભાગના સચિવ
(D) સરકારના વહીવટી વિભાગના સચિવ

295. ખાતાકીય તપાસની કાર્યવાહી દરમ્યાન નીચે પૈકી કોની સહાય સરકારી કર્મચારી પોતાના બચાવ માટે સામાન્ય રીતે લઈ શકે છે ?

i. કુટુંબનો સભ્ય
ii. ચાલુ સરકારી નોકરીમાં હોય તેવો મિત્ર મદદનીશ
iii. નિવૃત્ત સરકારી કર્મચારી
iv. વકીલ
v. ખાનગી નોકરીમાં હોય તેવો મિત્ર મદદનીશ

(A) માત્ર ii
(B) i, ii અને iii પૈકી કોઈપણ
(C) ii અને iii પૈકી કોઈપણ
(D) i થી v પૈકી કોઈપણ

296. સાતમા પગારપંચ અનુસાર ઓછામાં ઓછો કેટલો બેઝિક પગાર હોય તો મોટરકાર પેશગી મળી શકે?

(A) રૂા. 10,500
(B) રૂા. 15,500
(C) રૂા. 22,400
(D) રૂા. 50,500

297. ગુજરાત નાણાકીય નિયમો ના રેકર્ડ વર્ગીકરણ મુજબ ઉપાડ અને ચુકવણી અધિકારીઓ દ્વારા રાખવામાં આવતી કેશબુક કેટલા વર્ષ સુધી જાળવી રાખવાની હોય છે?

(A) 5 વર્ષ
(B) 10 વર્ષ
(C) 3 વર્ષ
(D) તે કાયમ માટે સાચવી રાખવાની હોય છે.

298. ગુજરાત નાણાકીય નિયમો ના નિયમ 68 માં ''અધિક ખર્ચ'' અને ''અલ્પ ખર્ચ'' નો ઉલ્લેખ કયા સંદર્ભમાં કરાયેલ છે?

(A) રેલ્વે નૂર અને ભાડાના સંદર્ભમાં
(B) વિલંબિત પ્રોજેક્ટના ખર્ચ સંદર્ભમાં
(C) કર્મચારીને ચૂકવાયેલ પગાર ભથ્થા સંદર્ભમાં
(D) ભૂલથી રહી ગયેલી અથવા બેવડાઈ ગયેલી બાબતના સંદર્ભમાં

299. ગુજરાત નાણાકીય નિયમો માં જોગવાઈ કરાયેલ પેશગીઓ પૈકી કેટલીક પેશગીઓ 2-2-2020 ના ઠરાવથી રદ કરવામાં આવેલ છે. નીચે પૈકીની કઈ પેશગી/પેશગીઓ રદ થયેલા નથી?

i. અનાજ પેશગી
ii. પંખા પેશગી
iii. સાયકલ પેશગી
iv. મકાન પેશગી
v. મૃત્યુ પામેલ કર્મચારીના કુટુંબ ને વતનપ્રવાસ પેશગી

(A) ફક્ત iv
(B) ફક્ત iv અને v
(C) i, iii, iv અને v
(D) iii, iv અને v

300. ગુજરાત નાણાકીય નિયમો મુજબ સરકારશ્રી સાથેના દરેક કરારમાં કોને એક પક્ષકાર તરીકે રાખવું આવશ્યક છે?

(A) રાજ્યના નાણામંત્રી
(B) રાજ્યના મુખ્યમંત્રી
(C) રાજ્યપાલશ્રી
(D) જે તે વહીવટી વિભાગના સચિવશ્રી